આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિદ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૨૭૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વાપીના કરવડમાં ફરી ભંગારના ગોડાઉનમાં આગ

### છેલ્લા દોઢ મહિનામાં ૫૦થી વધુ ભંગારના ગોડાઉનમાં આગ લાગવાના બનાવ છતાં વહીવટી તંત્ર નિદ્રાધિન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**વાપી, તા. ૦૬ :** વાપી ના કરવડ વિસ્તારમાં આવેલ ગેરકાયદે પ્લાસ્ટિક વેસ્ટના ગોડાઉનમાં ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. આ આગને કાબુમાં લેવા માટે ફાયર બ્રિગેડની ૧૧ ટીમો ઘટનાસ્થળે પહોંચી આગને કાબુમાં લેવાના પ્રયાસો હાથ ધરાયા છે જોકે ઘટનાને પગલે કરવડ વિસ્તારમાં ભરે અફડા તફડીનો માહોલ સર્જાયો છે.



આગને કારણે ગોડાઉનમાંથી ધુમાડાના ગોટેગોટા ઉડતા જોવા મળ્યા હતા, જેનાથી આસપાસમાં આવેલ રહેણાંક વિસ્તારમાં રહેતા લોકોના આરોગ્યને ભારે નુકસાન થવાની શક્યતા છે જોકે વહીવટી તંત્ર દ્વારા ભંગારીયા ઉપર અંકુશ લેવામાં સરેઆમ નિષ્ફળ જવાની ઘટના દેખાઈ રહી છે.

આધારભૂત સૂચના દ્વારા મળતી માહિતી મુજબ આજે બપોર બાદ વાપી મહાનગરપાલિકામાં સમાવેશ થયેલા કરવડ ગામની હદમાં આવેલ પ્લાસ્ટિક વેસ્ટ અને કેમિકલ વેસ્ટના ભંગારના ગોડાઉનમાં અચાનક આગ લાગવાને કારણે લગભગ સાતથી આઠ જેટલા ભંગારના ગોડાઉનમાં આગ લાગતા આગના ધુમાડાના ગોટા દૂર દૂર સુધી આકાશમાં જોવા મળી રહ્યા છે જોકે ઘટનાને પગલે તાત્કાલિક વાપી નોટિફાઈડ વિભાગના તથા વાપી મહાનગરપાલિકા વાપીની ખાનગી કંપનીઓ તથા એની આજુબાજુના વિસ્તારમાંથી ૧૧થી વધુ ફાયર ફાઈટરની ટીમો ઘટના સ્થળે પહોંચી પાણી અને ફોમનો મારો ચલાવી આગને કાબુમાં લેવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે જોકે આ આ લાગવાનું ચોક્કસ કારણ બહાર આવ્યું નથી પરંતુ વાપી મહાનગર પાલિકા હદ વિસ્તારમાં હજારોની સંખ્યામાં ભંગારના ગોડાઉનો આવેલા છે.

(અનુ. પેજ નં.૭ પર)




## ધરમપુરના ૨૫૦ વર્ષ પુરાણા કાળારામજી મંદિરે રામનવમીની ભવ્ય ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૬ :** વિશ્વ હિન્દુ પરિષદ અને સમસ્ત હિન્દુ સમાજના સંયુક્ત ઉપક્રમે ધરમપુરના ૨૫૦ વર્ષ પુરાણા કાળારામજી મંદિર ખાતે રામનવમીની ભવ્ય ઉજવણી વિવિધ ધાર્મિક કાર્યક્રમોના સથવારે કરતા આખું નગર રામમય બન્યું હતું દિવસ દરમિયાન ચાલેલા તમામ કાર્યક્રમમાં સૌ નગરજનો રામમય બન્યા હતાં.



બપોરે ૧ૈં૩૯ કલાલે નગરના ૨૫૦ વર્ષ પુરાણા અને આધ્યામિક આંદોલનોથી ભરપૂર એવા કાળારામજી મંદિરે શ્રી રામલલ્લાના બાળ સ્વરૂપની પ્રતિમાનું પદમાર્પણ કરવામાં આવ્યું. જેમાં સમગ્ર નગરના નગરજનો ભાઈ બહેનો જોડાયા હતા, નગરના યુવાનોનો અનેરો ઉત્સાહે તમામ કાર્યક્રમ દરમિયાન લગાવાયેલા જયશ્રીરામના ગગનભેદી નારાઓએ નગરને રામમય કરી નાખ્યું હતું, અહીં મુકવામાં આવેલી રામલલ્લાના બાળ સ્વરૂપની પ્રતિમા આબેહૂબ અયોધ્યાની બાળ સ્વરૂપની -તિમા જ લગતા સૌને આયોધ્યાના રામલાલાના દર્શન કાર્યનો અહેસાસ થયો હતો બાદ હનુમાન ફળીયા ખાતે રઘુવંશી લોહાણા સમાજ દ્વારા શ્રી જલારામબાપા મંદિર, ખાતે મહાપ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું.

બપોરે ૩:૦૦ વાગ્યે શ્રી કાળારામજી મંદિરથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું જે નગરના મુખ્ય મોટાબજાર, સમડીચોક, પ્રભુફળીયા, રાધાકૃષ્ણ મંદિર, એસટીડેપોર રોડ, ગાર્ડનરોડ, હનુમાન ફળીયા, દશોન્દી ફળીયા, જુના ડેપો, ગાંધીબાગ થઈ ફરી કાળા રામજી મંદિરે પરત ફરી હતી શોભાયાત્રા દરમિયાન યુવાનો, યુવતીઓ, વાડીલો પણ મન મુકી જયશ્રીરામના ધૂન ઉપર ઝૂમી ઉઠ્યા હતા, શોભાયાત્રામાં ડીજે, નાસિક ઢોલ, તુર-તુરા, ભક્તિભજનો અને વૈભવી ઝાંખીઓ દ્વારા ભક્તિમય માહોલ સર્જાયો હતો. નાના નાના ભૂલકાઓને રામ -સીતા અને લક્ષમણ બનાવી અલગ ગાડીમાં બેસાડવામાં આવ્યા હતા જે સમગ્ર શોભાયાત્રાનું આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

સાંજે ૭:૦૦ વાગ્યે શ્રી કાળારામજી મંદિરે નવરંગ ગ્રુપના સહયોગથી મહાપ્રસાદ અને રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર

(અનુ. પેજ નં.૭ પર)

વલસાડ, ડાંગ અને નવસારી જિલ્લા માટે ગૌરવાન્વિત સિદ્ધિ

## સાંસદ ધવલભાઈ રાષ્ટ્રપતિ સાથે પોર્ટુગલ અને સ્લોવાકિયા જશે

**વલસાડ, તા.૦૬ :** ભારત દેશના મહામહિમ રાષ્ટ્રપતિજી આદરણીય દ્રોપદી મુર્મુજી સાથે આગામી તા. ૬ એપ્રિલથી ૧૧ એપ્રિલ સુધી દેશનું પ્રતિનિધિ મંડળ વિદેશી દેશો પોર્ટુગલ અને સ્લોવકીયા ખાતે જનાર છે, જેમાં કેન્દ્રીય મંત્રી નિમુબેન બામણીયા સાથે દેશના માત્ર બે સાંસદોની પસંદગી કરવામાં આવી છે, જેમાં

(અનું. પેજ નં.૭ પર)



# દ્વિતિય પૂણ્યતિથિએ હૃદયાજંલી



## શ્રી એન.વી. ઉકાણી

(જન્મ તા.૨૨-૦૬-૧૯૪૫ / સ્વ. તા. ૦૭-૦૪-૨૦૨૩)

જેમણે પા પા પગલી માંડતા પોતાના માનસ સંતાન સમા 'દમણગંગા ટાઈમ્સ'ને આંગળીએ ઝાલી રજત જયંતી વર્ષની યુવાવસ્થા સુધી પહોંચાડ્યું એવા અમારા પથદર્શક, ઉદ્યોગકાર, સ્થાપક તંત્રી - પત્રકાર શ્રી એન.વી. ઉકાણીને અમારી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

લિ.

**સમગ્ર દમણગંગા ટાઈમ્સ પરિવાર, વાપી**

# સ્થાનિક સમાચારો

●આહવા ● સાપુતારા ● વાંસદા ● ચીખલી ● ખેરગામ ● ગણદેવી ● બીલીમોરા

Vapi Page - 02

Monday 07, April 2025

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES


# ધી ગણદેવી પીપલ્સ બેંકના ૭૫ વર્ષ પ્રસંગે અમૃત મહોત્સવનો પ્રારંભ

### બેંકની હરણફાળ : થાપણમાં ૮.૬૧ ટકા અને ધિરાણમાં ૧૮.૪૨ ટકા નાં વધારા સાથે રૂ. ૪૦૪.૪૭ લાખ ચોખ્ખો નફો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ગણદેવી, તા ૦૬ :** ગણદેવી પીપલ્સ કો-ઓપરેટીવ બેન્ક એ ૩૧મી માર્ચ ૨૦૨૫ એ વીતેલા ગત નાણાકીય વર્ષ વિકાસ હરણફાળ અકબંધ રાખી હતી. અને ગત વર્ષની સરખામણીએ બેંકની થાપણમાં ૨૧૮૪.૫૬ લાખ નાં વધારા સાથે થાપણ ૨૭૫૫૬.૭૫ લાખ અને ધિરાણ ૩૦૨૬.૭૧ લાખ નાં વધારા સાથે ૧૯૪૫૧.૮૨ લાખે પહોંચ્યો હતો. આમ વર્ષના અંતે થાપણ માં ૮.૬૧ ટકા ના વધારા સાથે ચોખ્ખો નફો ૮.૯૪ ટકા વધારા સાથે(૩૩.૨૦ લાખ નો વધારો) થતાં કુલ ૪૦૪.૪૭ લાખ નફો



નોંધાયો હતો. ગણદેવી પીપલ્સ બેંકના પ્રમુખ ગોપાળભાઈ ગોહિલ, ઉપ-પ્રમુખ અલ્કેશ શાહ અને સેક્રેટરી તુષાર વશી ની ટીમે ફરી એકવાર ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી હતી.બેંક નો નેટ એનપીએ ફરી એકવાર શૂન્ય રહ્યો છે. બેંક મેનેજર હેમાશું વૈદ્ય, ચીફ એકાઉન્ટન્ટ મહેન્દ્ર ટેલર, આસી.મેનેજર વિપુલ કાયસ્થ, કૃણાલ શુક્લ (ગણદેવી), મોનાબેન પટેલ (ચીખલી), નિતેશ ધીમ્મર (કબીલપોર), હરેશ દેસાઈ (બીલીમોરા) અને હિતેશ પટેલ (વિજલપોર)ની ટીમો એ કરેલું ટીમવર્ક રંગ લાવ્યું હતું. જેને બોર્ડ ઓફ ડિરેક્ટરો એ વધાવી લઈ શુભેચ્છાઓ પાઠવી હતી. ગણદેવી પીપલ્સ બેંકના અમૃત મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે.

# બીલીમોરા જે. જે. મહેતા સાર્વજનિક હાઈસ્કૂલમાં વિદાય સમારંભ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા ૦૬ :** બીલીમોરા ફ્રેન્ડસ ન્યુ ઈંગ્લીશ સ્કૂલ ટ્રસ્ટ સંચાલિત જે જે મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ માં શનિવારે નવસારી જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી અને નવસારી જિલ્લા આચાર્ય સંઘના સંયુક્ત ઉપક્રમે ગુજરાત માધ્યમિક અને ઉમા.શિક્ષણ બોર્ડના વિવિધ હોદ્દા પરથી વયનિવૃત થતા દિનેશભાઈ પટેલનો વિદાય સન્માન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા શિક્ષણ અધિકારી જયેશ ચૌધરી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અગ્રવાલ શાળા ટ્રસ્ટ પ્રમુખ ડો.સૂર્યકાંત પટેલ, અધિકારીઓ, પદાધિકારીઓ સહિત શુભચિંતકો એ તેઓની સેવાને બિરદાવી નિવૃત્ત જીવનની શુભકામનાઓ પાઠવી હતી.

# દેવધામાં આઈશ્રી ખોડીયાર માતા મંદિરે ૩૭મો સાલગીરી મહોત્સવ ઉજવાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા ૦૬ :** બીલીમોરા નજીક આવેલા દેવધા ગામે પ્રાચીનકાળથી બિરાજમાન આઈ શ્રી ખોડિયાર માતાજી મંદિરના જીર્ણોદ્ધાર બાદ ૩૭મો સાલગીરી મહોત્સવ રવિવારે ધામધુમથી યોજાયો હતો. આઈ શ્રી ખોડલ માતા ના દર્શન,પૂજા, મહાપ્રસાદનો સેંકડો માઈભકતો એ લાભ લીધો હતો. દેવધા ગામે શ્રી આઈ ખોડિયાર માતા મંદિર જીર્ણોદ્ધાર સાથે ૪ વર્ષ પૂર્વે ભવ્ય મંદિરનું નિર્માણ કરાયું હતું. આ મંદિરે રવિવારે બપોરે સત્યનારાયણ ભગવાનની પૂજા સાંજે મહાપ્રસાદ અને રાત્રે ડાયરા ની રમઝટ જામી હતી. આઈ શ્રી ખોડલ ના આશીર્વાદ પ્રાપ્ત કરવા માંઇ ભક્તો નું ઘોડાપુર ઉમટી પડ્યું હતું. આઈ શ્રી ખોડિયાર યુવક મંડળ દેવધા તથા સમસ્ત ગ્રામજનો અને માંઇ ભક્તો એ પાટોત્સવને યાદગાર બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# આહવા તા. પંચાયતનાં મનરેગા શાખામાં હાસ્યાસ્પદ રીતે ભ્રષ્ટાચાર થાય છે કે શું ?

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા ૦૬ :** લ્યો બોલો ! આહવા તાલુકા પંચાયતનાં એ.પી.ઓ. ધર્મેન્દ્ર ટંડેલ દ્વારા આહવા તાલુકામાં મનરેગાની યોજનામાંથી રેલવેનું કામ કરી નાખ્યુ.આહવા તાલુકા પંચાયતનાં વિસ્તારમાં આઝાદીકાળથી રેલવેનું નામ-નિશાન જ નથી તેમ છતાંય કામ થતા હાસ્યાસ્પદ ભ્રષ્ટાચાર બહાર આવ્યો..! હાલમાં જ ડાંગ જિલ્લાનાં આહવા તાલુકા પંચાયતનાં એ.પી.ઓ. દ્વારા ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરવામાં આવતું હોય તેવા આક્ષેપ થયા હતા.ત્યારે આ એ.પી.ઓ.પર ભ્રષ્ટાચારનાં પણ આક્ષેપ થતા જોવા મળી રહ્યા છે.ડાંગ જિલ્લાનાં આહવા તાલુકા પંચાયતનાં એ.પી.ઓ. ધર્મેન્દ્ર ટંડેલે આહવા તાલુકામાં નરેગામાંથી રેલવેનું કામ કરી નાખ્યું છે.જોકે અહીં હાસ્યાસ્પદ વાત એ છે કે જ્યાં રેલવેનું કામ કરવામાં આવેલ છે ત્યાં તો ઈતિહાસમાં કે આઝાદીકાળથી રેલવેનુ નામ-નિશાન જ નથી.ત્યારે ત્યાં કઈ રીતે કામ કરવામાં આવેલ છે તે પ્રશ્ન બની ગયો છે.

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકા પંચાયતના એ.પી.ઓ. ધર્મેન્દ્ર ટંડેલ દ્વારા મનરેગા યોજના હેઠળ ૫.૩૬ લાખના ખર્ચે ગોંડલવિહિર ગામે રેલવે સંબધિત બે કામ કરવામાં આવેલ છે.તેવી ઓનલાઈન માહિતી સરકારી વેબસાઈટ પર જોવા મળે છે. જોકે હકીકતમાં તો ગોંડલવિહિર ગામે રેલવેનું નામ - નિશાન જ નથી. ત્યારે મનરેગા યોજના હેઠળ ત્યાં રેલવે સંબધિત કામગીરી કઈ રીતે કરવામાં આવી તે સૌથી મોટો પ્રશ્ન બની ગયો છે. તેમજ જો અહીં રેલવે સંબધિત કામગીરી થઈ જ ન શકતી હોય તો ૫.૩૬ લાખ રૂપિયાનો ઉપયોગ ક્યાં કરવામાં આવેલ છે તે પણ તપાસનો વિષય બની ગયો છે.અહીં ઉલ્લેખનીય છે કે,હાલમાં જ ડાંગ જિલ્લાના મોરઝીરા ખાતે મનરેગા યોજના હેઠળ જમીન લેવલિંગનું કામ કરવામાં આવી રહ્યુ હતુ.

મોરઝીરા ગામે ૯ જેટલા કામોના મસ્ટરો ચાલી રહ્યા છે પરંતુ બે દિવસથી ત્યાં એક પણ મજૂર કામ કરવાનાં અર્થે હાજર જોવા મળતા નહોતા. ત્યારે આ બાબતે આહવા તાલુકા પંચાયતનાં એ.પી.ઓ તરીકે ફરજ બજાવતા અધિકારી ધર્મેશ ટંડેલને ડાંગ જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ રાકેશભાઈ પવાર જાણ કરવા માટે ગયા હતા. ત્યારે એ.પી. ઓ .દ્વારા રાકેશભાઈ પવાર સાથે ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરીને તેમની સાથે જ ઝઘડો કરવામાં આવ્યો હતો અને ધમકીઓ આપવામાં આવી હતી. ત્યારે આ અંગે એ.પી.ઓ. વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે ડાંગ જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ રાકેશભાઈ પવારે તાલુકા વિકાસ અધિકારી તથા જિલ્લા વિકાસ અધિકારીને લેખિતમાં રજૂઆત કરી હતી. પરંતુ એપીઓ દ્વારા તાલુકા વિકાસ અધિકારી સામે પણ રાકેશભાઈ પવાર સાથે ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરીને બોલચાલ કરીને ત્યાંથી જતા રહ્યા હતા. ત્યારે આમ હાલમાં આ એ.પી.ઓ. ધર્મેન્દ્ર ટંડેલ સતત વિવાદમાં જોવા મળી રહ્યા છે.જેના કારણે તેમની કામગીરી પણ શંકા ઉપજાવનારી જોવા મળી રહી છે. ત્યારે આ સમગ્ર મામલે યોગ્ય પારદર્શક તપાસ કરવામાં આવે અને ભ્રષ્ટ અધિકારી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# બીલીમોરાના શુંગવેરપૂર ધામમાં શ્રી જળદેવી માતાનો પાટોત્સવ ઉજવાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા ૦૬ :** બીલીમોરા માછીવાડ પીર ફળિયા શુંગવેરપૂર ધામમાં ચૈત્ર સુદ સાતમને શુક્રવારે ।ચીનકાળથી બિરાજમાન શ્રી જળદેવી માતાનો ૨૩માં પાટોત્સવ ની ધાર્મિક બાઈક રેલી, પૂજા, ધજા યાત્રા, યજ્ઞ, આરતી સાથે ભક્તિસભર માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. સેંકડો માંઇ ભક્તોએ મહાપ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.



સૌંદર્યના ભંડાર સમી મૈયા જળદેવી ભક્તો માટે કરુણામયી છે. બીલીમોરા બંદર રોડ પર આવેલા માછીવાડ,પીર ફળિયા શુંગવેરપૂર ધામ સ્થિત જળદેવી માતાજી મંદિરના ૨૩માં પાટોત્સવ નિમિત્તે મહાયજ્ઞ સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. યજમાન પદે હિરેન અશોકભાઈ ટંડેલ અને એકતા હિરેન ટંડેલે હવનમાં સજોડે બેસી માં શક્તિની આરાધના કરી આશીર્વાદ મેળવ્યા હતા. એક લોકવાયકા મુજબ ૫૭ વર્ષ પહેલાં જળદેવી માતા અંબિકા નદીના વહેણમાં વહીને આ સ્થળે પહોંચ્યા હતા.જયાં સાગરખેડુઓ અને સ્થાનિક લોકોએ એકમેકના સાથ સહકારથી એક નાનું ડેરું બનાવી માતાજીની વિધિવત સ્થાપના કરી શ્રદ્ધાપૂર્વક પૂજા અર્ચના શરૂ કરી હતી. પ્રાચીન મંદિર જીર્ણોદ્ધાર સાથે ૨૩ વર્ષ પૂર્વે નવું મંદિર નિર્માણ કરાયું હતું. બીલીમોરા જળદેવી માતા ના પાટોત્સવ પૂર્વે ગુરુવારે ભવ્ય બાઈક રેલી યોજાઈ હતી. ડી જે ના સથવારે શુક્રવારે રાત્રે અર્વાચીન રાસ ગરબા અને ગીતોની રમઝટ સાથે પાટોત્સવ યાદગાર બન્યો હતો. આ પ્રસંગે બીલીમોરા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં માંઇ ભક્તોએ માતાજી ના દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ભક્તોની ભક્તિ અને આસ્થાના પ્રતિક સમાન જળદેવી માતાના ૨૩માં પાટોત્સવને રંગેચંગે ધામધુમથી ઉજવવા બીલીમોરા શ્રી જળદેવી માતા મંદિર વિકાસ સમિતિ સભ્યો સહિત અગ્રણીઓ અને માંઇ સેવકો એ ભારે જહેમત ઉઠાવી હતી.

દમણગંગા ટાઈમ્સ

CORPORATE NEWS

# ટાટા એઆઈએએ બે એનએફઓ લોન્ચ કર્યા

**સુરત, તા. ૦૬:** કેન્દ્ર સરકારની તાજેતરની બજેટ જાહેરાતે વપરાશી આવકમાં વધારા માટેનો તખ્તો ઘડી કાઢ્યો છે જે ભારતની વપરાશની ગ્રોથ સ્ટોરી માટે મજબૂત મંચ ઊભું કરે છે. રૂ. ૧૨.૭૫ લાખ સુધીની આવક પર અથવા નવી ટેક્સ રિજિમ (નાણાંકીય વર્ષ ૨૦૨૬ની અસરથી) હેઠળના પગારદાર લોકો પર શૂન્ય કર જવાબદારી સાથે ભારતીય ગ્રાહકો હવે વધુ વપરાશી શક્તિ ધરાવશે જે વિવિધ ક્ષેત્રોમાં માંગમાં ઉછાળો લાવશે. આ અનોખી રોકાણ તક રજૂ કરે છે કારણ કે આપણા અર્થતંત્રની વપરાશ આધારિત વિકાસ ગાથા વેગ પકડી રહી છે.

ટાટા એઆઈએ વિવિધ ગ્રાહક વર્ગોને ધ્યાનમાં રાખીને બે કન્ટેક્સ્યુઅલ ફંડ્સ રજૂ કર્યા છે.અ) ટાટા એઆઈએ લાઈફ ટેક્સ બોનાન્ઝા કન્ઝમ્પશન ફંડ: આ ખાસ તૈયાર કરેલા ફંડ દ્વારા, ગ્રાહકો ન કેવળ વધતા વપરાશના વલણોનો લાભ લઈ શકે છે, પરંતુ તેમના પ્રિયજનો માટે નાણાંકીય સુરક્ષા પણ સુનિશ્ચિત કરી શકે છે. આમ, ફંડ સંપત્તિ નિર્માણ અને નાણાંકીય સુરક્ષાનો બેવડો લાભ પ્રદાન કરે છે.

બ) ટાટા એઆઈએ લાઈફ ટેક્સ બોનાન્ઝા કન્ઝમ્પશન પેન્શન ફંડ: ટાટા એઆઈએના યુનિટ-લિંક્ડ પેન્શન સોલ્યુશન દ્વારા એક્સક્લુઝિવલી ઉપલબ્ધઆ ફંડ નિવૃત્તિ પછી તેમની બચત વધારવા માંગતા લોકો માટે યોગ્ય છે. લાંબા ગાળાની વૃદ્ધિ પ્રદાન કરવા માટે રચાયેલ હોવાથી તે તમને એક મજબૂત નિવૃત્તિ ભંડોળ ઊભું કરવામાં મદદ કરે છે જે આગામી વર્ષો માટે નાણાંકીય સ્થિરતા અને માનસિક શાંતિ પ્રદાન કરી શકે છે.

# દમણ રેડિયો

आकाशवाणी

**102.3 FM**

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ સંસ્કૃતમાં સમાચાર અને ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ શ્રી રામ ચરીત માણસ ગાન, ૭.૧૫ સુગમ સંગીત અને વાર્તાલાપ (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - શ્રવણ માધુરી (દમણથી), ૯.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- (અમદાવાદ-વડોદરા પરથી કાર્યક્રમો), ૦૧.૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** (દમણથી)૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૬.૫૫ પ્રાદેશિક સમાચાર, ૭.૧૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ - દમણથી કિસાનવાણી, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - સમાચાર સંધ્યા દિલ્હીથી, ૮.૩૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૧.૦૦ હિન્દી સમાચાર ૧૧.૧૦ અંગ્રેજી સમાચાર (દિલ્હીથી) ૧૧.૨૦ સભા સમાપન




## આજનું પંચાગ

**તા.** ૦૭-૦૪-૨૦૨૫, **વાર:** સોમવાર **તિથિ:** દશમ **વિક્રમ સંવત:** ૨૦૮૧
**સૂર્ય ઉદય:** ૦૬:૨૮ **સૂર્ય અસ્ત :** ૧૮:૫૬ **ચંદ્રરાશિ:** કર્ક

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે.*

**વૃષભ(બ.વ.ઉ) :** *આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો -તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે- શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો.*

**મિથુન(ક.છ.ઘ) :** *આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો.*

**કર્ક(ડ.હ) :** *આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે.*

**સિંહ(મ.ટ.) :** *આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ .*

**કન્યા(પ.ઠ.ણ.) :** *આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો.*

**તુલા (ર.ત.) :** *આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે.*

**વૃશ્ચિક(ન.ય.) :** *આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે.*

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે.*

**મકર(જ.ખ) :** *આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.*

**કુંભ(ગ.શ.સ.) :** *આજના દિવસે તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે.*

**મીન(દ.ચ.ઝ.થ.) :** *આજના દિવસે આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે.*

### આજે વિશ્વ આરોગ્ય દિવસ

# નવસારી જિલ્લો ટીબીના દર્દીને DBT મારફત સહાય ચૂકવવામાં રાજ્યમાં પ્રથમ

### ૨૬,૨૮૮ લાભાર્થીઓએ PMJAY યોજના અંતર્ગત નિ:શુલ્ક લાભ મેળવ્યો : યોજના અંતર્ગત રૂપિયા ૫૬૭,૩૭૩,૫૯૪ નું ચુકવણું સરકાર દ્વારા કરવામાં આવ્યું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નવસારી, તા. ૦૬ :** વિશ્વ આરોગ્ય દિવસ એ વૈશ્વિક સ્વાસ્થ્ય જાગૃતિ દિવસ છે જે દર વર્ષે ૦૭મી એપ્રિલે વિશ્વ આરોગ્ય સંગઠન (WHO), તેમજ અન્ય સંબંધિત સંસ્થાઓના પ્રાયોજકતા હેઠળ ઉજવવામાં આવે છે. વિશ્વ આરોગ્ય દિવસ WHO ની સ્થાપના દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે અને દર વર્ષે વૈશ્વિક સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ વિષય પર વિશ્વભરનું ધ્યાન દોરવાની તક તરીકે જોવામાં આવે છે. ચોક્કસ થીમ સાથે આ દિવસને ઉજવી આંતરરાષ્ટ્રીય, પ્રાદેશિક અને સ્થાનિક વિષય ઉપર ધ્યાન દોરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ની થીમ સ્વસ્થ શરૂઆત, આશાસ્પદ ભવિષ્ય છે. નવસારી જિલ્લામાં સૌના આરોગ્યની દરકાર કરતું જિલ્લા આરોગ્ય વિભાગ અનેક બાબતોમાં સરાહનીય કામગીરી કરી રહ્યું છે. યુનિવર્સલ રસીકરણ પ્રોગ્રામ અંતર્ગત નવસારી જિલ્લામાં ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫ માં ૯૯.૮૮ ટકા બાળકોને સંપૂર્ણ રસીકરણ કરવામાં આવેલ છે. નવસારી જિલ્લામાં ટીનએજ પ્રેગ્નન્સી (૧૮ વર્ષ થી ઓછી ઉમરની) ગતવર્ષ ૨૦૨૩-૨૪ માં ૨૯૬ નોંધાયેલ હતી, જયારે ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫ માં નોંધપત્ર ઘટાડો થતા ટીનએજ પ્રેગ્નન્સી - ૧૧૮ નોંધાયેલ છે તથા નવસારી જિલ્લામાં માતામરણ દર અને બાળમરણનો દર ગત વર્ષની સરખામણીમાં અંશત: ઘટાડો જોવા મળ્યો છે. જેના માટે આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરાયેલ અનેક જનજાગૃતિના કાર્યક્રમો અને કેમ્પની સરહના કરવી પડે.

### ૧૦૦ દિવસ TB Elimination Programme

નવસારી જિલ્લામાં National Tuberculosis Elimination Programme અંતર્ગત ૧૦૦ દિવસ TB Elimination Programme ૭ ડીસેમ્બર ૨૦૨૪ થી શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં હાઈ રીસ્ક હોય એવી કુલ બે લાખ થી વધુ વસ્તી આજ દીન સુધી આવરી લેવામાં આવ્યા હતા. જેમાથી ૪૫૯૨૧ના એક્ષ રે, ૭૬૯૦ ના NAAT તપાસ તથા ૭૩૮૨ ની માઈક્રોસ્કોપી દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાથી ૪૪૧ થી વધુ નવા કેસો શોધી કાઢવામાં આવ્યા હતા.

નવસારી જિલ્લામાં નવા નોંધાયેલ ટીબીના કેસો - Incidence Rate વર્ષ ૨૦૨૩ મા ૧૦૩ હતો જે ૨૦૨૪ માં ઘટાડો થઈ ૯૩ થયો છે.

નવસારી જિલ્લામાં ટીબીના કારણે થતા મૃત્યુનો દર વર્ષ ૨૦૨૩ મા ૬ ટકા હતો જે ૨૦૨૪માં નોંધપાત્ર ઘટાડો થઇ ૪ ટકા થયેલ છે. આટલુ જ નહીં યોજનાઓના અમલીકરણ અને તેની સહાય ચૂકવવામાં પણ નવસારી જિલ્લા આરોગ્ય વિભાગ સમગ્ર રાજ્યમાં પ્રથમ છે. નિક્ષય પોષણ યોજના અંતર્ગત દરેક ટીબીના દર્દીને DBT દ્વારા સહાય ચૂકવવામાં નવસારી જિલ્લો સમગ્ર રાજ્યમાં પ્રથમ છે.

### નોન કોમ્યુંનીકેબ્લ ડીસીસ પ્રોગ્રામ અંતર્ગત ડ્રાઈવમાં નવસારી જીલ્લા દ્વારા થયેલ ઉત્કૃષ્ટ કામગીરી નોંધ રાજ્યકક્ષાએ લેવાઈ

નોન કોમ્યુંનીકેબ્લ ડીસીસ પ્રોગ્રામ અંતર્ગત ડ્રાઈવ કરવામાં આવેલ, જેમાં તા.૨૦/૦૨/૨૦૨૫ થી તા.૩૧/૦૩/૨૦૨૫ દરમ્યાન ૧,૪૧,૯૫૯ હાયપરટેન્શનના દર્દીનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ હતું. જેમાંથી ૬૬૫૦ દર્દીઓ શોધવામાં આવ્યા હતા. તેમજ ડાયાબીટીસના ૧૪૧૪૩૪ લાભાર્થીનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ જેમાંથી ૫૨૨૩ દર્દી શોધવામાં આવ્યા હતા. આજે આ તમામ દર્દીઓ સારવાર હેઠળ છે. આ ડ્રાઈવમાં નવસારી જિલ્લા દ્વારા થયેલ ઉત્કૃષ્ટ કામગીરી નોંધ રાજ્યકક્ષાએ લેવાતા રાજ્ય કક્ષાએથી સરહના કરવામાં આવી હતી.

### શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ૨,૭૧,૨૬૯ બાળકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું

શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત R B S K ની કુલ-૨૧ ટીમો કાર્યરત છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત કુલ ૨,૭૧,૩૩૨ બાળકો છે, જે પૈકી ૨,૭૧,૨૬૯ બાળકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે. શાળા અને આંગણવાડીમાં સ્ક્રીનીંગ દરમ્યાન ૫૧,૨૩૮ ખામીવાળા બાળકો નોંધાયા છે.

હ્રદયરોગની ખામીવાળા ૨૨૧ બાળકો પૈકી ૨૩ બાળકોને ઓપરેશન કરવામાં આવ્યું છે. કીડની રોગની ખામીવાળા તમામ ૩૯ બાળકો અને કેન્સર રોગની ખામીવાળા તમામ ૧૦ બાળકો સારવાર હેઠળ છે. ૨૬,૨૮૮ લાભાર્થીઓએ PMJAY યોજના અંતર્ગત નિઃશુલ્ક લાભ મેળવ્યો યોજના અંતર્ગત રૂપિયા ૫૬૭,૩૭૩,૫૯૪નું ચુકવણું સરકારશ્રી દ્વારા કરવામાં આવ્યુ આયુષ્માન ભારત યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪માં ૭૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના તમામ વરિષ્ઠ નાગરિકોને આવરી લેવા માટે આયુષ્માન વય વંદનો જન આરોગ્ય યોજના (AB PM-JAY)ની શરૂઆત કરી હતી. આ યોજના અંતર્ગત જિલ્લા નવસારીને ૫૮૮૧નો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. જેની સામે નવસારી જિલ્લામાથી ૭૨૫૪ આયુષ્માન વય વંદના કાર્ડ બનાવવામાં આવ્યા છે. ૧૦૦ ટકા લક્ષ્યાંક પૂરો કરી સારી કામગીરી કરવામા આવી છે. PMJAY કાર્ડ દ્વારા ૨૦૦૦થી વધુ તબીબી પ્રક્રિયાઓ માટે સારવાર પ્રદાન કરે છે પહેલા દિવસથી જ કોઈપણ રાહ જોયા વિના પહેલાથી અસ્તિત્વમાં રહેલા રોગોને આવરી લે છે. PMJAY યોજનાનો લાભ જિલ્લા નવસારીના ૨૬,૨૮૮ લાભાર્થીઓએ મેળવ્યો જેનું કુલ ચુકવણું ૫૬૭,૩૭૩,૫૯૪ સરકાર દ્વારા કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત જિલ્લા રોગચાળા નિયંત્રણ અને જિલ્લા મેલેરિયા વિભાગ દ્વારા જિલ્લામાં ગ્રામ્ય/શહેરી વિસ્તારોમાં પ્રવર્તતા પાણીજન્ય રોગચાળા, વાહકજન્ય રોગો અને અટકાયતી પગલાં અંગે કામગીરી કરવામાં આવે છે. જેમાં રોગચાળા અટકાયતી પગલાં લઈ જે તે વિસ્તારોમાં વાહકજન્ય રોગચાળામાં વધારો નોંધાયેલ હોય તેવા વિસ્તારોમાં મચ્છરના ઉત્પતિ સ્થાનો નાબુદ કરી અથવા વેકટર કંટ્રોલ કામગીરી હાથ ધરી મચ્છરોનો ઉપદ્રવ ઘટાડવા તેમજ તાવના કેસોનું ઘનિષ્ટ સર્વેલન્સ કરાવવામાં આવે છે. આટલુ જ નહિ જિલ્લા ઉપર આવેલ આફતની પરિસ્થિતિઓમાં પણ નવસારી જિલ્લા આરોગ્ય તંત્ર સક્રિય રહી લોકોની સેવા માટે તત્પર રહે છે. ગત વર્ષે નવસારી જિલ્લામાં નવસારી અને ગણદેવી તાલુકામાં પૂર્ણા નદી પુરના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પુરના કારણે પાણી ભરાયેલ વિસ્તારમાં આરોગ્ય ટીમો દ્વારા હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. ૧૧૮૪ જેટલા લોકોને પુરના કારણે તેઓને સલામત જગ્યા પર ખસેડવાની સાથે સેલ્ટર હોમ પર આરોગ્યની વિવિધ ટીમો દ્વારા સર્વેલન્સ કરી રોગચાળા અટકાયત અને નિયંત્રણ અંગેની વિવિધ આઈઈસી એક્ટિવિટી કરવામાં આવી હતી. પહેલું સુખ તે જાતે નર્યા દરેક વ્યક્તિ માટે આરોગ્યએ પ્રથમ આવશ્યકતા છે ત્યારે નવસારી જિલ્લામાં આરોગ્ય વિભાગ પોતાની સેવાભાવના અને કર્મનીષ્ઠા થકી નાગરિકોની સેવા માટે હંમેશા તત્પર છે. આજે વિશ્વ આરોગ્ય દિન નિમિત્તે સૌ આરોગ્યકર્મીઓને નમન.

## ધરમપુરમાં ૮૦ વર્ષથી ભાડે રહેતા રાજપુત પરિવારે મકાન મુસ્લિમ સુન્નત જમાતને સુપ્રત કર્યુ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૦૬ :** ધરમપુર મુસલીમ સુન્નત જમાત નાં હસ્તક મસ્જિદ ફળીયા ખાતે આવેલું મકાન રાજા રજવાડાના સમયથી રાજપુત પરિવારને રહેવા માટે ભાડે આપ્યુ હતું. બાદ ચાર પેઢી રાજપુત સમાજનાં પરિવાર આ ભાડાં નાં મકાન ૮૦ વર્ષ સુધી રહ્યુ હતું જોકે બાદ રાજપુત પરિવારે નવાં મકાનમા સ્થળાંતર કરતાં આ ભાડુતિયા મકાનની ચાવી ખુબજ નમી આંખે સંસ્થાને પરત સોંપતા મુસલીમ સમાજનાં આગેવાનો આભાર વ્યકત કર્યો હતો.

ધરમપુર શહેર ખાતે સન ૧૯૪૫માં સિસોદીયા વંશના રાજવી સમયમાં સુરત જિલ્લામાંથી પોતાની આજીવિકા માટે પરિવાર જોડે સ્વર્ગીય ગંભીર સિહં સમર સિહં પરમાર ધરમપુર ખાતે આવ્યા હતાં. બાદ તેમની પાસે રહેવાની કોઈ સગવડ ન હોવાને કારણે થોડા મુશકેલીમાં મૂકાયા હતાં પરંતુ તેમને કોઈક કે જણાવ્યું હતું કે મુસલીમ સુન્નત જમાત હસ્તક મસજીદ ફળીયા ખાતે રહેવા માટે મકાનો ખૂબજ સારા છે એમ કહેતાં અજય સિહ પરમારના દાદા સ્વર્ગીય ગંભીર સિહં સમર સિહં પરમાર તે સમયે મુસલીમ સુન્નત જમાતનાં હોદેદારોને મળીયા હતાં ભાડાં નાં મકાન માટે વાતચીત કરતાં દાદાજી ગંભીર સિહં સમર સિહં પરમારનાં પરિવારજનોને ખૂબજ નજીવા દરે રહેવા માટે ભાડે મકાન આપ્યુ હતું આ મકાનમા દાદા તથા પિતાજી સ્વર્ગીય પ્રભાત સિહં ગંભીર પરમારનું જીવન તથા દિકરા જયદીપ સિહંનું બાળપણથી લઈનેહાલ સુધીનું સંઘર્ષ મય જીવન આ ભાડાંનાં મકાનમા વિતયુ છે. આમ રાજપુત સમાજ ના પરમાર પરિવારનું ચાર પેઢી પરિવાર સુખ દુ:ખનાં હર્ષલ્લાસપૂર્વક સાથે આ મકાન જીવન ગુજારીયુ હતું હાલમાં ધરમપુર નગર પાલિકા કચેરી ખાતે કર્મચારીતરીકે ફરજ બજાવતા અજય સિહં પ્રભાતસિંહ પરમાર તેમની પત્ની તથા પુત્ર જોડે આ મકાનમા રહેતાં આવ્યા છે અને તેમણે હાલમાં પોતાનું નવું મકાન બની જતાં ત્યા પોતાનાં પરિવાર જોડે રહેવા માટે ગયા છે અને ભાડુતિયા મકાનની ચાવી મુસલીમ સુન્નત જમાતનાં પમુખ સબબીર બાહનાન સેક્રેટરી ખાલીદ શાહરી ટ્રસ્ટીઓ ઉસમાન ગની શેખ હૈદર શેખ તથા આહમદ બકીલી ની હાજરીમાં સમાજનાં પ્રમુખ સબબીર બાહનાનને સુપ્રત કરી હતી. બાદ સમગ્ર પરમાર પરિવારવતી મુસલીમ સુન્નત જમાતનો આભાર વ્યકત કર્યો હતો.

## મોટી દાંતીના દરિયા કિનારેથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૬ :** વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારમાં આવેલા મોટી દાંતી ગામના દરિયા કિનારેથી એક ૩૫ વર્ષીય અજાણ્યા યુવાનની લાશ મળી જોવા મળતા જયેશભાઈ ટંડેલ નામના ગામના યુવાને જે અંગે ડુંગરી પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા ડુંગરી પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી ગયા અને મરનાર અજાણ્યા યુવાનના વાલીવાળા સ્વામી શોધખોળ કરવામાં આવી રહી છે. મારનાર યુવાને કેસરી રંગની ટી-શર્ટ, ડાર્ક બ્લ્યુ રંગનું ટ્રેક પેન્ટ પહેરેલું હતું અને કમરે ગમછો બાંધેલો હતો. દરિયામાં ડૂબી ગયેલા અજાણ્યા યુવાનનું ઊંડા પાણીમાં ડૂબી જવાથી મૃત્યુ થયું હોવાની આશંકા છે. મૃતકની ઓળખ માટે ડુંગરી પોલીસે સોશિયલ મીડિયા મારફતે માછીમાર સમાજના આગેવાનોને મોકલાયું રૂર્ત્રદર્સ્રેષ્ટ ગ્રુપમાં નાખી યુવાનના પરિવારજનોની શોધખોળ કરવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

### ડો. સંધ્યાબેન શાહની પ્રથમ પુણ્યતિથિએ

## વાપીની એક્રાપેક કંપનીમાં રક્તદાન કેમ્પ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૬ :** વાપી જીઆઈડીસી થર્ડ ફેસ ખાતે આવેલ એક્રાપેક ઈન્ડિયા પ્રા. લિ. કંપનીમાં ડો.સંધ્યાબેન મુન્ના શાહની -થમ પુણ્યતિથિએ રક્તદાન કેમ્પનું આયોજન કર્યું હતું. જેમાં એક ૧૩૮ યુનિટ રક્ત એકત્ર કરાયું હતું.

વાપીના જાણીતા એવા ડો.સંધ્યાબેન શાહ એક સમાજસેવીકા અને ઈનરવ્હીલ ક્લબ સમેત અનેક સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા, સાથે જ રોટરી કલબ મેમ્બર પણ હતા. રક્તદાન શિબિરની શરૂઆત એક્રાપેકના ચેરમેન મુન્નાભાઈ શાહ અને પરિવારજનો દ્વારા દીપ પ્રાગટયથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે એકરાપેક કંપનીના માલિક અને વીઆઈએના હોદ્દેદાર મુન્નાભાઈ શાહએ જણાવ્યું કે, અમે આમ તો ઘણી જગ્યા રક્તદાન શિબિરનું આયોજન કરીએ છીએ પણ આ વખતે મારી ધર્મપત્ની ડોક્ટર અને અનેક વાપીની સામાજિક સંસ્થા સાથે જોડાઈ લે એવા સંધ્યાબેનની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે એક્રાપેક ઈન્ડિયા પ્રા. લિ. પર રક્તદાન શિબિર યોજી જિલ્લામાં રક્તદાન બેંકમાં રક્તની કમી પૂરી કરવાનો પ્રયાસ કર્યો છે અને આ રક્તદાન શિબિર દર વર્ષે ૬ એપ્રિલના રોજ આયોજન-કરવામાં આવશે. દર વર્ષે એ-િલ અને મે મહિનામાં -રક્તની અછત સર્જાય છે જેને ધ્યાને લઈ રક્તદાન કેમ્પો યોજી પુરો કરવાનો -યાસ કરીએ છે. આ પ્રસંગે રક્તદાન શિબિરમાં રો. ભરત પટેલ તેમજ રોટેરીયન અને ઈનરવ્હીલ ક્લબના સભ્ય મિત્રો, પરિવારના સભ્યો, અને વર્ધમાન ક્લિનિકનો તમામ સ્ટાફ હાજર રહ્યા હતા. સવારે ૯ વાગ્યેથી સાજે ૪ વાગે સુધી ચાલેલા રક્તદાન શિબિરમાં કુલ ૧૨૮ જેટલા રક્ત યુનિટ એકત્ર કરવામાં આવ્યું હતું.

## ચીખલીની અંબિકામાં ન્હાવા પડેલા સુરતના ત્રણ યુવાનોમાંથી એક ડુબ્યો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૦૬ :** ચીખલી તાલુકાના સરૈયા ગામની હદમાંથી પસાર થતી અંબિકા નદીના પાણીમાં સુરતના ત્રણ યુવાનો ન્હાવા પડતા એક યુવાન ડૂબી જતા ગામના રહીશો તેમ જ ચીખલી પોલીસ અને તરવૈયાઓ દ્વારા મોડે સુધી શોધખોળ કરવા છતાં પણ યુવાનોને કોઈ પત્તો હાથ લાગ્યો ન હતો.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના વરાછા ખાતે આવેલ કાશ્મીર વાડી ખાતે રહેતા ત્રણ યુવાન મિત્રો જે રવિવારની રજા હોય ત્યારે જોરાવર પીર ખાતે આવેલ ભૂત મામાના દર્શને આવ્યા હતા અને દર્શન કરીને પોતાની એક્સેસ મોટરસાયકલ ઉપર પરત ફરી રહ્યા હતા દરમિયાન ચીખલી તાલુકાની સરૈયા ગામની હદમાંથી પસાર થતી અંબિકા નદીમાં આ ત્રણેય યુવાનો બોપરના સમયે ન્હાવા પડ્યા હતા. આ ત્રણ મિત્રો જેમાં રાજ દેવરાજ નાયકા ઉ.વ. ૨૧, અમર શૈલેષ નાયકા ઉ.વ. ૨૩, સુરજ કનૈયા લાલ ગૌર ઉ.વ. ૨૩ તમામ રહે કાશ્મીર વાડી વરાછા સુરત ના રહ્યા છે તેમાંથી રાજ દેવરાજ નાયકા અંબિકા નદીના ઊંડાણના પાણીમાં ગરક થઈ ગયો હતો જેને સાથી મિત્રો દ્વારા શોધખોળ કરવા છતાં પણ ન મળતા આખરે આજુબાજુના રહીશો ને જાણ થતા લોકો રાજને બચાવવા દોડી ગયા હતા પરંતુ કોઈ પત્તો ન લાગતા ચીખલી પોલીસ મથકના પીઆઈ કે.એચ. ચૌધરી તથા સ્ટાફના માણસો ઘટના સ્થળે દોડી ગયા હતા અને તરવૈયાઓની મદદ લેવી પડી હતી પરંતુ મોડી સાંજ થઈ જતા તરવૈયાઓ એ ના પાડતાં સ્થાનિક તરવૈયાઓની મદદથી રાજ નાયકા ની શોધ ખોળ કરવામાં આવી રહી છે પરંતુ મોડી રાત સુધી રાજ નાયકા નો કોઈ પત્તો હાથ લાગ્યો ન હતો.

## ગુંદલાવ હાઈવે પર કન્ટેનર કાર વચ્ચે અકસ્માતમાં પાંચને ઈજા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૬ :** વલસાડ નજીકના ગુંદલાવ હાઈવે ઓવરબ્રિજ પાસે ઈકો કાર અને કન્ટેનર વચ્ચે અકસ્માતની ઘટના બનતા ઈકો કાર નો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અકસ્માતમાં પાંચ વ્યક્તિઓને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે.



વલસાડ નજીક ના ગુંદલાવ ઓવરબ્રિજ નજીક એક કન્ટેનર વાપીથી સુરત તરફ માં હાઈવે ટ્રેક પર કન્ટેનર નંબર MH.46.AF.4560 પૂર ઝડપે જઈ રહ્યો હતો તે દરમિયાન કન્ટેનર ચાલકે અચાનક સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવી દેતા કન્ટેનર ડિવાઈડર ઉપર ચઢાવી દેતા અકસ્માત સર્જાયો હતો. જોકે કન્ટેનર ચાલકનો આબાદ બચાવ થયો હતો. ત્યારબાદ ચાલકે ક્રેનની મદદ લઈ ડિવાઈડર પર ચઢી ગયેલા કન્ટેનરને નીચે ઉતારી દઈ તે સુરત તરફ જવા નીકળતી વખતે વાપી થી સુરત તરફ પુરપાટ ઝડપે જઈ રહેલી ઈકો કાર નંબર GJ.19.BJ.4425 ધડાકાભેર કન્ટેનરના પાછળ ઘુસી જતા ગંભીર અકસ્માત સર્જાતા ઈકો કારનો કચ્ચરઘાણ નીકળો ગયો હતો. અકસ્માતનો થતાં આજુબાજુ સ્થાનિક લોકો તેમજ વાહન ચાલકો ઘટના સ્થળે મદદ માટે દોડી ગયા હતા. કન્ટેનર પાછળ ઘૂસી ગયેલ ઈકોમાં સવાર ૫ થી ૬ જેટલા લોકોને ઈજા થતા તેમને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. અકસ્માતની ઘટના બનતા હાઈવે પર વાહનોની ટ્રાફિક હોવાની જાણ થતાં વલસાડ રૂરલ પોલીસની ટીમ દોડી જઈ ક્રેનની મદદથી અકસ્માત થયેલા વાહનોને હાઈવેની સાઈડ પર ખસેડી હાઈવે રોડ ખુલ્લો કરવામાં આવ્યો હતો.

## વાપીમાં હોટલ પેપીલોન પરિવાર દ્વારા મહા રક્તદાન કેમ્પમાં ૪૩૫ યુનિટ રક્ત ભેગું કરાયું




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૬ :** વાપીમાં આજે રામ નવમીના પાવન અવસરને લઈ પેપીલોન હોટલ પરિવાર અને રોટરી ક્લબ દ્વારા મહારક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેનું ઉદ્ઘાટન રાજયના નાણાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં ૪૩૫ યુનિટ રક્ત ભેગુ કરાયું.

આજે રામનવમીના પાવન અવસરને લઈ વાપીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ હોટલ પેપી લોન પરિવાર તથા રોટરી ક્લબ ઓફ વાપી રોટરી વાપી રીવર સાઈડ અને લોહાણા મિત્ર મંડળ વાપી દ્વારા પેપીલોન હોટલના બેન્કેટ હોલમાં મહારક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્ઘાટન રાજ્યના નાણાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી તથા સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈના હસ્તે દીપ પ્રાગટ્ય કરી શરૂઆત કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ભાઈઓ તથા બહેનો દ્વારા ૪૩૫ યુનિટ રક્તદાન કરવામાં આવ્યુંહતું. આ પ્રસંગે વાપીની જાણીતી એવી બ્લડ બેન્કની ટીમ દ્વારા સેવા આપવામાંઆવી હતી જ્યારે કાર્યક્રમમાં વાપી શહેર ભાજપના પ્રમુખ મનીષભાઈ દેસાઈ, વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, વાપી નોટિફાઈડ બોર્ડના ચેરમેન યોગેશભાઈ કાબરીયા, મિતેશભાઈ દેસાઈ, રોહિતભાઈ સોમપુરા તેમજ પેપીલોન હોટલના માલિક અને આયોજક નલિનભાઈ તથા રાજુભાઈ અને હોટલ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

## ડુંગરામાં રૂ. ૪.૪૦ કરોડના ખર્ચે વિકસાવાયેલા ઘાંચીયા તળાવનું લોકાર્પણ

### વાપી મનપાના વિવિધ વિસ્તારમાં રસ્તા અને સ્ટ્રીટલાઈટના રૂ. ૨૪.૪૯ કરોડના કામોનું હસ્તે ખાતમુહૂર્ત પણ કરાયું : ડુંગરા મોટા સિટીમાં પરિવર્તિત થવા જઈ રહ્યું છે: મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ




**વલસાડ, તા. ૦૬ :** વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં બનાવવામાં આવનાર માર્ગો અને સ્ટ્રીટ લાઈટના અંદાજીત રૂા. ૨૪.૪૯ કરોડના ખર્ચે થનાર કામોનું ખાતમુહૂર્ત અને વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા ડુંગરા પીરમોરા ખાતે રૂા. ૪.૪૦ કરોડના ખર્ચે ૪.૭૨ હેકટર વિસ્તારમાં ફેલાયેલા ઘાંચીયા તળાવના વિકાસના કામનું લોકાર્પણ રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

વાપી પાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓને અભિનંદન પાઠવી કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વાપી પાલિકાના અત્યાર સુધીના ઈતિહાસમાં દરેક ચૂંટાયેલા પ્રતિનિધિએ સુંદર કામગીરી કરી છે. પીવાના પાણી, ડ્રેનેજ અને વરસાદી પાણીના નિકાલ માટે વ્યવસ્થાના કામો સુપેરે પાર પાડ્યા છે. ચણોદ અને ડુંગરા માટે પાણીનો ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૈયાર થવાને આરે છે. એક સીઈટીપી પ્લાન્ટ ચાલુ થઈ ગયો છે અને બીજો સીઈટીપી પ્લાન્ટ ચાલુ થવાની તૈયારીમાં છે. આવા અનેક કામો આપણા ચૂંટાયેલા પદાધિકારીઓ અને અધિકારીઓએ કર્યા છે જે બદલ અભિનંદન આપુ છું. હવે વધારે ગ્રાંટ મળતા વિકાસના કામોમાં વેગ આવશે એટલે દરેક કામો સુંદર રીતે થશે. ડુંગરાના તમામ રહીશો અભિનંદનને પાત્ર છે કારણ કે, ડુંગરામાં બુલેટ ટ્રેનનું સ્ટેશન આવતા ડુંગરા મોટા સિટીમાં પરિવર્તિત થવા જઈ રહ્યું છે. વધુમાં મંત્રીએ ગામના વિકાસ અને સફાઈના કામો મ્યુનિસિપલ કમિશનર અને તેમની ટીમ સુંદર રીતે કરી રહી હોવાનું જણાવ્યું હતું.

ઉમરગામના ધારાસભ્યશ્રી રમણલાલ પાટકરે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે, વાપી આપણુ છે એમ સમજીને વિકાસના કામો થઈ રહ્યા છે જેથી વાપીના નગરજનોમાં ખુશીની લહેર પ્રસરી છે. વાપી સમગ્ર વિશ્વમાં ઔદ્યોગિક નગરી તરીકે પ્રચલિત છે. પહેલા ઘણા કામો બાકી રહી જતા હતા પરંતુ હવે મંત્રી કનુભાઈ દેસાઈની આગેવાનીમાં ઉન્તિભર્યા વિકાસના કામો થઈ રહ્યા છે. તેમણે રજૂ કરેલા બજેટમાં ગરીબો અને ગામડાને વિશેષ પ્રાધાન્ય આપ્યુ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ ગામડાઓને મજબૂત બનાવવા માટે સ્વભંડોળ હેઠળ માતબર રકમની ફાળવણી કરી છે. વાદ વિવાદ વિના આ વિસ્તાર આપણો છે એમ સમજીને કામ કરશું તો વિકાસ ચોક્કસ થશે અને વાપી વિશ્વના નકશામાં ઝળકતુ રહેશે.

સ્વાગત પ્રવચનમાં વાપી મનપાના કમિશ્નર યોગેશ ચૌધરીએ જણાવ્યું કે, આ તળાવની ફરતે પહેલા ખૂબ જ ગંદકી હતી આજે વિકાસ થયેલા આ તળાવની ફરતે લોકો સવાર સાંજ વોક કરી શકશે. પરિવાજનો હરવા ફરવા આવી શકશે. વાપી નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બન્યા બાદ ડુંગરા, છીરી, કરવડ અને સલવાવમાં વિકાસના વધુ કામો થયા છે. જે કામોનું આજે ખાતમુહૂર્ત થયુ છે તે કામોનું આગામી દોઢ માસમાં લોકાર્પણ પણ કરાશે એવો વિશ્વાસ આપુ છું. વાપી મનપા દ્વારા જનતાને સારૂ ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપવાની નેમ છે જેથી વિસ્તારનો વધુ વિકાસ થશે અને લોકોને વધુમાં વધુ સારી સુવિધા મળતી થશે જેથી વાપીનો ચૌમુખી વિકાસ થશે.

આ લોકાર્પણ સમારોહમાં વાપી મહાનગરપાલિકાના નવા લોગોનું અનાવરણ પણ મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. સાથે જ વાપી મહાનગરપાલિકાના નવા લોગોના વિજેતા સ્પર્ધક રૂમિત બચુભાઈ પટેલ (રહે. પારડી પોણીયા)ને રૂ. ૨૧,૦૦૦ ના ચેકનું ઈનામ વિતરણ અને સન્માન પત્ર પણ અર્પણ કરવામાં આવ્યું હતું. આજના આ કાર્યક્રમમાં વાપી મનપાના વિવિધ વિસ્તારના કુલ ૯ માર્ગોના અંદાજે રૂ. ૨૩.૭૬ કરોડના કામો અને વિવિધ વિસ્તારના કુલ ૩ માર્ગો ઉપર સ્ટ્રીટ લાઈટના અંદાજિત રૂ. ૭૩ લાખના કામોનું ખાતમુહૂર્ત મંત્રીશ્રી દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. વલસાડ માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ)ના સિટી ઈજનેર જતીન પટેલે વિકાસકામોની રૂપરેખા આપી હતી. જ્યારે આભારવિધિ વાપી મનપાના નાયબ મ્યુનિસિપલ કમિશ્નર અશ્વિન પાઠકે કરી હતી. આ પ્રસંગે પાલિકાના પૂર્વ પ્રમુખ કાશ્મીરા શાહ, માજી ઉપપ્રમુખ અભય શાહ, જિલ્લા સંગઠન મહામંત્રી શિલ્પેશ દેસાઈ, વાપી વીઆઈએ પ્રમુખ સતિષ પટેલ, વાપી મનપાના ડેપ્યુટી કમિશનર આસ્થા સોલંકી સહિત મોટી સંખ્યામાં સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

### સરીગામમાં ૨૨૦ કે.વી. અને ડહેલીમાં ૬૬ કે.વી. સબ સ્ટેશનનું લોકાર્પણ

## ૨૦ વર્ષમાં નવા ઉદ્યોગ કે રહેણાંક વિસ્તારનો વ્યાપ વધશે તો પણ વીજળીનો પુરવઠો ઘટશે નહીં : કનુભાઈ દેસાઈ

### ૫૨ ગામના ચાર લાખ લોકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળશે, વોલ્ટેજની સમસ્યા પણ હલ થશે



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૦૬ :** ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી. (જેટકો) દ્વારા વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામ ખાતે રૂ. ૧૦૬ કરોડના ખર્ચે નવનિર્મિત ૨૨૦ કે.વી.સરીગામ (જી.આઈ.એસ.) સબ સ્ટેશનનું રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સાથે ડહેલી ગામે જેટકોના ૬૬ કે.વી. સબ સ્ટેશનનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ લોકાર્પણ પ્રસંગે કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકરના પ્રજાલક્ષી અભિગમને બિરદાવી જણાવ્યું કે, રમણભાઈ લોકોના કલ્યાકારી પ્રશ્નોનું ખૂબ જ ચીવટાઈપૂર્વક ધ્યાન રાખી પ્રજાનાપ પ્રશ્નો હલ કરી સુખાકારી આપી રહ્યા છે. વીજળીની હવે સમસ્યા ભૂતકાળ બની છે. આજે અહીં સરીગામમાં ૨૨૦ કે.વી. અને ડહેલીમાં ૬૬ કે.વી. સબ સ્ટેશનનું લોકાર્પણ થતા આવનારા ૨૦ વર્ષમાં નવા ઉદ્યોગ સ્થપાશે કે રહેણાંક વિસ્તારનો વ્યાપ વધશે તો પણ વીજળીનો પુરવઠો ઘટશે નહીં એ મુજબ દુરંદેશી આયોજન કરવામાં આવ્યું છે. જીવન જીવવા માટે અને ઉદ્યોગોના વિકાસ માટે વીજળી અને પાણી બન્ને મહત્વના છે. આપણે નસીબદાર છીએ કે, નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી પદે હતા ત્યારે વાઈબ્રન્ટ ગુજરાતથી ઔદ્યોગિક વિસ્તારનો વિકાસ થયો હતો જે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની રાહબરીમાં પણ નિરંતર ચાલુ રહ્યો છે. સોલાર પોલીસીનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૯માં સોલાર પોલીસી અમલમાં મૂકી હતી. ગત રામ નવમીના દિવસે વડા-ધાનશ્રીએ દેશના એક કરોડ ઘરો પર સોલાર લગાવવા આહવાન કર્યું હતું, જે સંદર્ભે ગુજરાતમાં ૩.૫૦ લાખ ઘરો પર સોલાર સાથે ગુજરાત સમગ્ર દેશમાં નંબર વન છે.છેલ્લા એક વર્ષમાં વીજળીના ફ્યુઅલ ચાર્જમાં રૂ. એકનો ઘટાડો થતા લોકોને સસ્તા દરે ગુણવત્તાસભર વીજળી મળી રહી છે. દેશમાં કુલ ૪૨ વીજ કંપની છે જેમાંથી આપણી દક્ષિણ ગુજરાત વીજ કંપની પ્રથમ નંબર પર આવી છે જે ગૌરવની વાત છે. આ સાથે જ જેટકોને પણ સમગ્ર દેશમાં સારામાં સારું ટ્રાન્સમિશન આપવા માટે પ્રથમ ક્રમ મળ્યો છે.

જેટકોના એમડી ઉપેન્દ્ર પાંડેએ -ાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે, આ સબ સ્ટેશનો બનાવવા માટે પર્યાવરણનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. ચાર મલ્ટી સર્કિટ ટાવર ઉભા કરી ઓછામાં ઓછી જમીનનો ઉપયોગ કરી જમીનની બચત કરી છે. ભવિષ્યની વીજ માંગને ધ્યાનમાં રાખીને આ સબ સ્ટેશન બનાવાયા છે. જેનાથી હાલના ૫૨ ગામના ચાર લાખ લોકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળશે, વોલ્ટેજની સમસ્યા પણ હલ થશે, ફીડરોની લંબાઈ ઘટવાથી ટી એન્ડ ડી લોસ ઘટશે. ખેતી અને બિનખેતી વપરાશકારોને વિના વિક્ષેપ વીજળી આપી શકાશે. આ વિસ્તારોમાં નવા વીજ જોડાણ પણ આપી શકાશે.

રાજ્ય સરકારની કોસ્ટલ યોજના દ્વારા આ વિસ્તારમાં મૂડી રોકાણના વળતરને ધ્યાનમાં લીધા સિવાય માત્ર આ વિસ્તારની જનતાના વિકાસઅર્થે આ સબ સ્ટેશન ઉભા કરાયા છે. વલસાડ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૬૬ કે.વી. ના ૧૭ સબ સ્ટેશન કાર્યાન્વિત કર્યા છે, વર્ષ ૨૦૨૪- ૨૫ માં વધુ ૬ સબ સ્ટેશન કાર્યાન્વિત કરાયા છે જ્યારે વર્ષ ૨૦૨૫- ૨૬માં વધુ ૧૦ સબ સ્ટેશન કાર્યરત કરવાનું આયોજન છે. આ પ્રસંગે ઉમરગામના ધારાસભ્યશ્રી રમણલાલ પાટકર, ઉમરગામ તાલુકા પંચાયત પ્રમુખ લલિતાબેન દુમાડા, જિલ્લા પંચાયત સભ્ય સર્વ દિપક મિસ્ત્રી, મુકેશ પટેલ, જેટકોના ઓડીએસ જે.ડી.તન્ના, પારડીના પ્રાંત અધિકારી નિરવ પટેલ, ઉમરગામના સ્થાનિક આગેવાનો સર્વ હર્ષદ શાહ, ઉમરગામ તાલુકા સંગઠન પ્રમુખ નિરવ શાહ, દિલીપ ભંડારી, મહેશ આહીર, વીઆઈએ પ્રમુખ સતીષ પટેલ સહિતના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વકફનું ભારતીય સ્વરૂપ ઉપયોગી નીવડશે

**સંસદે મંજુર કરેલા કાયદાની પારદર્શક વ્યવસ્થાને મુસ્લિમ સમાજે આવકારીને કરડો સંસદમાં મંજૂર થયો તેની ઉજવણી કરી છે ઘણા સ્થળોએ લોકોએ મોદીનો આભાર માન્યો છે આમ જે નેતાઓ અને મુલ્લાઓએ ગેરલાભ ઉઠાવ્યો તે નારાજ થાય તે સ્વાભાવિક છે અન્ય રાજકીય પક્ષોના નેતાઓના બળાપા સમજી શકાય છે હવે વકફ પ્રોપર્ટીઓમાં ભ્રષ્ટાચાર બંધ થાય જરૂરિયાત હોય તેમને લાભ મળી શકે સબકા વિશ્વાસ અહીં મળી રહે છે. વિપક્ષની વોટ બેન્ક પર મોટી ધાડ પડી છે ત્યારે તેઓ વિરોધ કરીને મોદી ઉપર આક્રામક પ્રહાર કરવાના પ્રયાસ કરે છે**

### વિશ્લેષણ
કુન્દન વ્યાસ




મુસ્લિમ ધર્માદા સંસ્થા-વકફનો વિવાદ ઘણો જૂનો છે. હવે સંસદમાં મૂળ કાયદામાં સુધારા ખરડા મંજૂર થયા છે, ત્યારે રાજકીય જંગ શરૂ થયો છે. વિપક્ષો વકફ કાયદામાં સુધારા થયા તેનો વિરોધ કરે છે ? કે મોદી સરકારનો ? દેખીતું છે કે, મોદી સરકાર ત્રીજી વખત સત્તામાં આવ્યા પછી કેટલાક વિપક્ષો-કોંગ્રેસ મુખ્ય - ને ભવિષ્યમાં સત્તા મળવાની આશા નથી અને માને છે કે, મોદીને હઠાવવાની આ છેલ્લી તક છે ! વિપક્ષને ડર છે, આશંકા છે કે, હવે મોદી રાજકીય જંગમાં હુકમનું પાનું -એક રાષ્ટ્ર એક ચૂંટણી કરાવશે તો વિપક્ષી નેતાઓ સત્તા વિના કુંવારા - બ્રહ્મચારી રહી જશે ! આ ધર્મ - મઝહબી વિવાદ નથી. ધર્મના નામે રાજકીય યુદ્ધની ધમકીઓ અપાઈ રહી છે પણ ધર્મમાં દખલ નથી. ધર્મના નામે ધર્માદા સંસ્થાઓની મિલકતનો દુરુપયોગ થતો રોકવા માટે સુધારા કરવામાં આવ્યા છે. વકફની - અલ્લાહના નામે દાનમાં અપાયેલી સંપત્તિનો દુરુપયોગ - ભ્રષ્ટાચાર થાય અને ગરીબ - અનાથ - યતીમ લોકોને લાભ મળતો નથી તે સ્થિતિ સુધારવા માટે વ્યવસ્થા થઈ છે. ૨૦૨૯ની ચૂંટણી જીતવા માટે મોદી હિન્દુત્વવાદી દિશામાં આગળ વધી રહ્યા છે, એવો આક્ષેપ થાય છે, પણ ૨૦૧૪ની ચૂંટણી પહેલાં યુપીએ સરકારે રાતોરાત વકફ કાનૂનમાં સુધારા કરીને કેટલાક મુલ્લાઓને સોના-ચાંદીની તાસક ઉપર મોકાની પ્રોપર્ટી સંપત્તિ લખી આપી હતી. જો ૨૦૧૩ના સુધારા (બગાડા) થયા હોત નહીં અને દુરુપયોગ સામે મુસ્લિમ સમાજમાં પણ અવાજ ઊઠયો હોત નહીં - તો અત્યારે સુધારા કરવાની જરૂર પડત નહીં. યુપીએ સરકારે ૨૦૧૩માં તુષ્ટીકરણના ભાગરૂપે નવી દિલ્હીમાં સોનાની લગડી અથવા હીરાની ખાણ જેવી ૧૨૩ પ્રોપર્ટી વકફ બોર્ડને લખી આપવામાં આવી ! આ પ્રોપર્ટીની બજાર કિંમત કરોડોમાં બોલાય છે અને તેમાંથી થતી ભાડાંની રકમના હિસાબ પણ નથી ! આ કમાણીનો ઉપયોગ ધર્માદા - યતીમો વગેરેને મદદ આપવામાં થયાની માહિતી નથી. આવી જમીનો મહાનગર મુંબઈ, લખનઉ અને હૈદરાબાદમાં પણ વેચી નાખવામાં આવે છે. કોઈને જવાબ આપવાની ચિંતા નથી કારણ કે પૂછી કોણ શકે ? વકફનો ઈતિહાસ જાણવો જોઈએ. દિલ્હીમાં સલ્તનત યુગમાં સુલતાન મુઝુદ્દીન સામ ઘોરીએ મુલતાનમાં જામા મસ્જિદને આસપાસનાં બે ગામ ભેટ આપ્યાં અને તેનો વહીવટ શૈખુલ ઈસ્લામને સોંપ્યો. આ પછી દિલ્હીમાં સલ્તનત દ્વારા વકફ પ્રોપર્ટી વધતી ગઈ. ૧૯મી સદીમાં આવી પ્રોપર્ટીના વિવાદ વધ્યા ત્યારે બ્રિટિશ - પ્રીવી કાઉન્સિલેં (સુ-ીમ કોર્ટ !)માં કેસ ગયા અને ત્યારના ચાર બ્રિટિશ જજોએ - વકફ પ્રોપર્ટી - ગેરકાયદે ઠરાવી. બે દાયકા સુધી આ ચુકાદાનો અમલ થયો અને તે પછી - આઝાદી પછી ૧૯૫૪માં વકફ પ્રોપર્ટીનાં રજિસ્ટ્રેશન, રક્ષણ અને વહીવટ માટે - સ્વતંત્ર ભારતની સંસદે કાનૂન પસાર કર્યો. ૧૯૫૫માં સુધારા થયા જે ૨૦૧૩ સુધી અમલમાં હતા. ૨૦૧૩માં યુપીએ સરકારે સુધારા કરીને આવી - પ્રોપર્ટીને વધુ રક્ષણ આપ્યું. દરેક રાજયમાં વકફ બોર્ડ અને સમિતિઓ નીમવામાં આવી. આ બાબતના વિવાદના ચુકાદા પણ આંતરિક વ્યવસ્થામાં અપાય ! હવે એનડીએ સરકાર સંસદે મંજૂર કરેલા કાયદામાં એવી જોગવાઈ છે કે, બોર્ડમાં મુસ્લિમ મહિલાઓ તથા પછાત મુસ્લિમ કોમના પ્રતિનિધિઓને સ્થાન મળશે. બે બિન-મુસ્લિમ હશે જેથી સંપત્તિનો દુરુપયોગ થઈ શકે નહીં. આમ વકફને ભારતીય સ્વરૂપ અપાશે - માત્ર મુસ્લિમ-કેન્દ્રી સંસ્થા નહીં હોય. કારણ કે, ભારતમાં અન્ય કોઈ ધર્માદા સંસ્થા - અલગ ધર્મ સં-દાય માટે નથી. પ્રોપર્ટીમાં નાણાકીય ભ્રષ્ટાચાર થાય નહીં - અને મસ્જિદ, કબ્રસ્તાન, યતીમખાના, સ્કૂલ વગેરેને લાભ મળવા જોઈએ. નવા કાયદા મુજબ નાણાકીય જવાબદારી હશે. તમામ મેનેજરો - મુત્તવલીઓએ પ્રોપર્ટી રજિસ્ટર કરાવવાની રહેશે અને છ મહિનામાં પોર્ટલ ઉપર માહિતી આપવી રહેશે. આથી દેશભરમાં તમામ વકફ પ્રોપર્ટીનો ડેટાબેઝ બનશે અને ભ્રષ્ટાચાર - ભાડાંની આવક, વેચાણ વગેરે પારદર્શક હશે. વાર્ષિક એક લાખ રૂપિયાથી વધુ આવક હોય ત્યારે કાયદેસર ઓડિટ કરાવવું પડશે. આવી પારદર્શી વ્યવસ્થાને મુસ્લિમ સમાજે આવકારીને ખરડો સંસદમાં મંજૂર થયો તેની ઉજવણી કરી છે.ઘણા સ્થળોએ લોકોએ મોદીનો આભાર માન્યો છે ! આમ જે નેતાઓ અને મુલ્લાઓએ ગેરલાભ ઉઠાવ્યો તે નારાજ થાય તે સ્વાભાવિક છે. અન્ય રાજકીય પક્ષોના નેતાઓના બળાપા સમજી શકાય છે. મુસ્લિમ મહિલાઓને તીન તલાક સામે રક્ષણ આપ્યું. ગરીબ - પસમાંદા મુસ્લિમોને આશ્રય આપ્યો અને હવે વકફ પ્રોપર્ટીઓમાં ભ્રષ્ટાચાર બંધ થાય - જરૂરિયાત - હોય તેમને લાભ મળી શકે - સબ કા વિશ્વાસ અહીં મળી રહે છે. વિપક્ષોની વોટબેન્ક ઉપર મોટી ધાડ પડી છે, ત્યારે તેઓ વિરોધ કરીને મોદી ઉપર આક્રમક -હાર કરવાના પ્રયાસ કરે છે ! ત્રીજી ટર્મમાં મોદી - ભાજપને ૨૪૦ બેઠક મળી હોવાનાં ટોણાં મારે છે અને નાયડુ, નીતિનને ઉશ્કેરવાના નિષ્ફળ પ્રયાસ કર્યા. સોનિયાજી કહે છે મોદી સમાજમાં ભાગલા પાડે છે ! પણ કેરળના ચર્ચ - ખ્રિસ્તી ગુરુઓ મોદીના કાયદાને આવકારે છે ! ભાગલા કોણ પાડે છે ? વિપક્ષો કહે છે હવે ખ્રિસ્તી, જૈન, પારસી સૌના વારા આવશે ! - ઈન્દિરા ગાંધીએ કોંગ્રેસના ભવ્ય ભંગાણ પછી સત્તાની સાઠમારીમાં પૂર્વ રાજવીઓનાં સાલિયાણાં રદ કર્યાં. આ માટે સંવિધાનમાં સુધારા કર્યા હતા. બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરીને, લોન મેળા યોજીને ગરીબ - મધ્યમ વર્ગના બેલી બનીને સત્તા મેળવી હતી. મોદીએ મુસ્લિમ મહિલાઓ અને ગરીબો - પછાતોના લાભાર્થે વકફમાં સુધારા કર્યા છે એમના વોટ લેવા સાથે સામાજિક ન્યાય છે અને સબ કા વિશ્વાસની પુષ્ટિ થાય છે. વકફ કાયદામાં સુધારા ખરડાનો અભ્યાસ - સમીક્ષા કરવા માટે નીમાયેલી સંસદીય સંયુક્ત સમિતિના રિપોર્ટ મુજબ દિલ્હીમાં કુતુબમિનાર હુમાયુની કબર ઉપર વકફનો દાવો છે. દિલ્હીમાં ૭૨, કર્ણાટકમાં ૫૯, ગુજરાતમાં ૫૭, ઉત્તર પ્રદેશમાં ૩૭, મહારાષ્ટ્રમાં ૧૪ મળીને દેશભરમાં કુલ ૨૫૪ સંપત્તિ ઉપર દાવો છે અને ૫૨૨૦ કેસમાં કાનૂની વિવાદ છે. હવે કોંગ્રેસ, સમાજવાદી પક્ષ અને સનાતન ધર્મને કેન્સર કહેનારા ડીએમકે મુખ્યપ્રધાન એમ. કે. સ્ટાલીને કાનૂની અને રાજકીય મોરચા ખોલવાની ધમકી આપી છે ! બાળાસાહેબ ઠાકરેના સુપુત્ર ઉદ્ધવ ઠાકરે પણ આ ગ્રુપ સાથે જોડાયા છે. મુંબઈ સુધરાઈની ચૂંટણી જીતવા માટે મુસ્લિમ વોટબેન્કમાં ખાતું ખોલવાનો વ્યૂહ છે.

આમ છતાં ઓડિશાના બિજુ જનતા દળના સભ્યો તથા સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ મુખ્યપ્રધાન હતા, ત્યારે એમણે બાકેબિહારી મંદિરની ભૂમિ વકફ બોર્ડને આપવાનું કાવતરું કર્યું હતું - ૧૨ એકર જમીન કબ્રસ્તાન માટે આપવા મથુરાના ડિસ્ટ્રીક્ટ મેનેજરને સત્તાવાર પત્ર લખાયો હતો. આ માટે સરકારી દસ્તાવેજોમાં નંબર પણ બદલી નાખ્યા - ૧૦૮ને બદલે ૧૦૮૧ ! હવે નવા કાનૂન હેઠળ પછાત વર્ગની તથા સાંસ્કૃતિક રક્ષણ હેઠળની રાષ્ટ્રીય સંપત્તિ ઉપર કોઈ દાવો નહીં કરી શકાય.

# દૂરની દૃષ્ટિ નહીં, પરંતુ નજર પણ દૂર સુધીની રાખજો!

### પૌરુષ



અંકિત દેસાઇ, ટુકવાડા

આજના ડિજિટલ યુગમાં સ્માર્ટફોન્સ આપણા જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે. સવારથી રાત સુધી આપણી આંખો સતત સ્ક્રીન પર ટકી રહે છે–ચેટિંગ, વીડિયો જોવું, ગેમ રમવી કે કામકાજ, દરેક બાબતમાં મોબાઈલ આપણો સાથી બની રહે છે. પરંતુ આ સતત નજીકનું જોવાની આદત આંખો અને મન બંનેને નુકસાન પહોંચાડી રહી છે. બીજી તરફ, દિવસમાં થોડા થોડા સમયે દૂરનું જોવાથી શારીરિક અને માનસિક લાભો મળી શકે છે. આ લેખમાં આપણે આ બંને પાસાંઓ–દૂરનું જોવાના ફાયદા અને નજીકનું સતત જોવાના ગેરફાયદા–વિશે વિગતે ચર્ચા કરીશું, જેમાં સાયકોલોજીકલ અને ફિઝિકલ ફેક્ટ્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

દૂરનું જોવાથી થતા લાભો

૧. આંખોના સ્નાયુઓને આરામ

આપણી આંખોમાં લેન્સને ફોકસ કરવા માટે સિલિયરી મસલ્સ (Ciliary Muscles) હોય છે. જ્યારે આપણે સતત નજીકની વસ્તુઓ–જેમ કે મોબાઈલ સ્ક્રીન–પર ધ્યાન આપીએ છીએ, ત્યારે આ સ્નાયુઓ સંકોચાયેલા રહે છે. દૂરનું જોવાથી આ સ્નાયુઓને આરામ મળે છે અને તેમની તાણ ઘટે છે. ઓપ્ટોમેટ્રીના નિષ્ણાતોના મતે, દર ૨૦ મિનિટે ૨૦ સેકન્ડ માટે ૨૦ ફૂટ દૂરનું જોવું (૨૦-૨૦-૨૦ નિયમ) આંખોની થાકને ઘટાડે છે.

૨. ડિજિટલ આઈ સ્ટ્રેનથી રાહત

લાંબા સમય સુધી સ્ક્રીન પર જોવાથી કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમ અથવા ડિજિટલ આઈ સ્ટ્રેન થાય છે, જેમાં આંખોમાં બળતરા, સૂકાપણું અને ઝાંખપ થવાની સમસ્યા થાય છે. દૂરનું જોવાથી આંખોનું ફોકસ બદલાય છે અને બ્લિંક રેટ (પલક ઝપકવાનું પ્રમાણ) સામાન્ય થાય છે, જે આંખોને ભેજવાળી રાખે છે.

૩. માનસિક શાંતિ અને તાજગી

સાયકોલોજીકલ રીતે, દૂરનું જોવું–ખાસ કરીને કુદરતી દૃશ્યો જેમ કે ઝાડ, આકાશ કે ખેતર–મનને શાંત કરે છે. ૨૦૧૫માં પ્રકાશિત એક સ્ટડીમાં જણાયું કે કુદરતી દૃશ્યો જોવાથી સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટે છે અને ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા વધે છે. આ એટેન્શન રિસ્ટોરેશન થિયરી પર આધારિત છે, જે કહે છે કે કુદરત મનને રિચાર્જ કરે છે.

૪. માયોપિયા (નજીકની દૃષ્ટિ)નું જોખમ ઘટે

બાળકો અને યુવાનોમાં માયોપિયાનું પ્રમાણ વધી રહ્યું છે, જેનું એક કારણ સતત નજીકનું જોવું છે. સિંગાપોર આઈ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના અભ્યાસ મુજબ, દિવસમાં થોડો સમય બહાર વિતાવવાથી અને દૂરનું જોવાથી આંખના આકારમાં થતા અસામાન્ય ફેરફારો ઘટે છે, જે માયોપિયાને રોકવામાં મદદ કરે છે.

સતત નજીકનું જોવાથી થતા ગેરલાભો

૧. આંખોની સમસ્યાઓ

સતત મોબાઈલ સ્ક્રીન પર જોવાથી આંખોના લેન્સ અને સ્નાયુઓ પર દબાણ વધે છે, જેનાથી દૃષ્ટિ ઝાંખી થવી, માથાનો દુખાવો અને ગંભીર કિસ્સાઓમાં રેટિનાને નુકસાન થઈ શકે છે. બ્લુ લાઈટના સંપર્કમાં રહેવાથી મેલાટોનિન હોર્મોનનું ઉત્પાદન ઘટે છે, જે ઊંઘની ગુણવત્તાને અસર કરે છે.

૨. માયોપિયાનું વધતું જોખમ

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના અહેવાલ મુજબ, ૨૦૫૦ સુધીમાં વિશ્વની અડધી વસ્તી માયોપિયાથી પીડાઈ શકે છે, જેનું મુખ્ય કારણ સ્ક્રીન ટાઈમનો વધારો છે. નજીકનું સતત જોવાથી આંખનો ગોળો લંબાય છે, જે દૂરની દૃષ્ટિને નબળી પાડે છે.

૩. માનસિક તાણ અને એકાગ્રતામાં ઘટાડો

સાયકોલોજીકલ રીતે, સતત સ્ક્રીન પર રહેવાથી મન અશાંત થાય છે. ૨૦૧૮ના એક અભ્યાસ મુજબ, વધુ સ્ક્રીન ટાઈમ ધરાવતા લોકોમાં ચિંતા, ડિપ્રેશન અને ધ્યાનનો અભાવ (Attention Deficit) જેવી સમસ્યાઓ વધુ જોવા મળે છે. સતત નોટિફિકેશન અને મલ્ટિટાસ્કિંગ મનને થકવી નાખે છે.


૪. શારીરિક સ્થિતિ પર અસર

મોબાઈલ જોતી વખતે આપણે ઘણીવાર ગરદન નીચે નમાવીએ છીએ, જેને ટેક્સ્ટ નેક કહેવાય છે. આનાથી ગરદન અને ખભામાં દુખાવો થાય છે. ઉપરાંત, બેસવાની ખરાબ મુદ્રા પીઠના દુખાવાનું કારણ બને છે. ઈનશોર્ટ, સ્માર્ટફોનના આ જમાનામાં ટેક્નોલોજીનો ઉપયોગ અનિવાર્ય છે, પરંતુ તેની સાથે આપણા સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. દિવસમાં થોડા થોડા સમયે દૂરનું જોવાથી આંખોને આરામ મળે છે, મન શાંત થાય છે અને દૃષ્ટિની સમસ્યાઓ ઘટે છે. બીજી તરફ, સતત નજીકનું જોવાથી શારીરિક અને માનસિક નુકસાન થાય છે, જે લાંબા ગાળે જીવનની ગુણવત્તાને અસર કરે છે. તેથી, મોબાઈલનો ઉપયોગ સીમિત કરો, વિરામ લો અને દૂરની નજર રાખો–કેમ કે સ્વાસ્થ્ય જ સાચી સંપત્તિ છે!

**દમણગંગા ટાઈમ્સ - ઈ-પેપર દૂનિયાના કોઈપણ ખૂણેથી ડાઉનલોડ અથવા ઓનલાઈન વાંચવા માટે વેબસાઈટની મુલાકાત લો.**
**www.damangangatimes.com**

# શિક્ષણમાં મફતિયા વૃત્તિ કેટલી યોગ્ય ?

**આપણે આ કેવા સામાજિક વિકાસ તરફ ગતિ કરી રહ્યા છીએ કે જ્યાં એક તરફ શિક્ષણ વેચાય છે અને બીજી તરફ શિક્ષણ લેવા માટે બાળકમાં લાલચ નિર્માણ કરાય છે, મફતિયા વૃત્તિ ઊભી કરાય છે! શું આ સમાજવ્યવસ્થાને વિકસિત સમાજ વ્યવસ્થા કહી શકાય?**



### મનનમ્



ડો. યોગેશ ગોરાને
આચાર્ય
વિનય મંદિર, દાંડી

**તેજસ્વિનાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ ॥** અર્થાત્ આપણા બંને (ગુરુ-શિષ્ય)નું ભણેલું તેજસ્વી થાય. કઠોકનિષદનો આ શાંતિમંત્ર મેળવેલું જ્ઞાન તેજસ્વી થાય એવી કામના વ્યક્ત કરે છે. ભણતરથી વ્યક્તિની દ્રષ્ટિ ખીલે છે, સમજ વિકસે છે, અજ્ઞાન દૂર થાય છે. એવી જ્ઞાનસંપન્ન વ્યક્તિ નિર્ભય અને તેજસ્વી બને એમાં ક્યાં બે મત છે. વૈદિકકાળથી શિક્ષણનો મુખ્ય હેતુ જ્ઞાન થકી વ્યક્તિને શારીરિક, સામાજિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક રીતે વિકસાવવાનો રહ્યો છે પણ આજે આપણે અત્યાધુનિક યુગમાં પ્રવેશ કરી લીધો છે. અહીં માનવ કરતા મશીન વધારે અગત્યના થયાં છે. ચેટ જીપીટી, જૈમીની, ગ્રોક જેવા અનેક એઆઈ ટુલ્સ માનવ મસ્તિષ્ક સાથે સ્પર્ધા કરી રહ્યા છે. શિક્ષણનો એકમાત્ર હેતુ હવે બદલાતો જાય છે. એટલે જ તો સંસ્કૃત ભાષાના ભોગે વોકેશનલ એજ્યુકેશન શરૂ થયું છે. પરિણામે સંસ્કૃત ભાષાથી આવતી તેજસ્વીતા બાળમાનસમાંથી લુપ્ત થઈ રહી છે. વિદ્યાર્થીઓ હવે જ્ઞાની નહીં પણ માત્ર વોકેશનલ સ્કીલ યુક્ત ટ્રેની બની રહ્યા છે. ત્યાં ગુણાત્મક વિકાસ અને તેજસ્વીતાની તો વાત જ ક્યાં કરવી ?

આ લખનાર પ્રત્યક્ષ રીતે શિક્ષણ સાથે જોડાયેલ છે. એટલે શિક્ષણની પ્રાચીન અને અર્વાચીન પદ્ધતિઓના કહી શકાય એવા થોડા અભ્યાસને આધારે એમ કહેવાનું મન થાય કે હાલના શિક્ષણમાં બાળકમાં તેજસ્વીતા નિર્માણ થતી નથી. ચા લારી કરીશ પણ લાચારી નહીં કરું એવી ખુમારી અને ખુદારી શિક્ષણ થકી બાળકમાં ક્યાં નિર્માણ થાય છે ? એટલે જ તો પરીક્ષામાં નાપાસ થયેલ બાળક આત્મહત્યા કરવા પ્રેરાય છે. યુવાનોમાં આવી દીનતા અને લાચારીનું કારણ શું હોઈ શકે? જો કે આજે તો માણસ સક્ષમ થવો જોઈએ, નિર્ભય બનવો જોઈએ કારણ કે પ્રાચીનકાળ કરતાં તો આજે માણસ વધુ પ્રગત થયો છે. માણસની શારીરિક ક્ષમતાઓ અને ભૌતિક સગવડોનો વધારો થયો છે. છતાં પણ માણસ દિવસે ને દિવસે લાચાર બનતો જાય છે. એના ઘણાં કારણોમાંથી એક કારણ લોકોને મફતનું લેવાની પડી ગયેલી ટેવ છે. jioના લોન્ચિંગ વખતે મફતનું લેવાની આપણી વૃત્તિનો સહજ પરિચય થયો જ છે. જે વ્યક્તિને મફતનું લેવાની ટેવ પડી હોય તે તેજસ્વી કેવી રીતે બની શકે? આઝાદી પછી મોટેભાગેના પક્ષોએ ચૂંટણી દરમિયાન પોતાની તરફ મતોને આકર્ષવા લોકોને મફતનું લેવાની ટેવ પાડી છે. મોટેભાગેના પક્ષોએ મફતનું આપવાના વાયદા કરીને ગરીબોને વધારે ગરીબ બનાવ્યા છે. પણ એ વાત ગરીબને ક્યારેય સમજાતી નથી, એને મન તો મફતનું આપીને પક્ષો એને મદદ જ કરે છે પણ શું એ સત્ય છે ખરું?

આ સાથે જ શિક્ષણમાં પણ મફતિયા વૃતિ પ્રવેશી રહી છે. પ્રજાને શિક્ષણ આપવાની જવાબદારી પાલક અર્થાત્ રાજા કે શાસનની જ છે. એટલે તો મફત શિક્ષણની બંધારણની જોગવાઈ છે છતાં પણ હાલમાં સરકારી શાળાઓ અને ખાનગી શાળાઓની પ્રતિસ્પર્ધાથી મફતિયા વૃત્તિને પ્રોત્સાહન મળી રહ્યું છે. કેટલીય શાળાઓને ટકાવવા માટે બાળકોને અમુક વસ્તુઓ મફતમાં આપવાની લાલચ અપાય છે. છેલ્લા કેટલાક દિવસથી આવતી શાળાઓની જાહેરાતમાં વિદ્યાર્થીઓને આકર્ષવા માટે ફલાણું-ઢીકણુ મફતમાં આપવાની જાહેરાત જોવા મળે છે. સારું અને સાચું શિક્ષણ આપતા હોવા છતાં પણ સાબિત કરવું પડે છે કે અમે સારું શિક્ષણ આપી શકીએ. વળી, સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓ પાસે સરકારી દ્રષ્ટિએ પરીક્ષા પાસ કરીને ઉત્તમ મેરીટવાળા શિક્ષકો હોવા છતાં પણ બાળકોને આકર્ષવા માટે મફત આપવાની જાહેરાત કરવી પડે છે, એ દયનીય બાબત નથી કે ? તો બીજી તરફ કેટલીય ખાનગી શાળાઓમાં વાલીઓ કાગળ ઉપર લખાતી ફીની સામે બીજી મોટી રકમ આપે છે. ત્યાં કંઈ પણ મફતમાં અપાતું નથી. છતાં પણ વાલીઓના મગજમાં એવું જ ઠસી ગયું છે કે જેટલી મોંઘી શાળા એટલું સારું શિક્ષણ. પરિણામે વાલી આકાશ-પાતાળ એક કરીને પણ બાળકને મોંઘામાં મોંઘી શાળામાં મૂકવાનો પ્રયત્ન કરે છે.

આપણે આ કેવા સામાજિક વિકાસ તરફ ગતિ કરી રહ્યા છીએ કે જ્યાં એક તરફ શિક્ષણ વેચાય છે અને બીજી તરફ શિક્ષણ લેવા માટે બાળકમાં લાલચ નિર્માણ કરાય છે, મફતિયા વૃત્તિ ઊભી કરાય છે! શું આ સમાજવ્યવસ્થાને વિકસિત સમાજ વ્યવસ્થા કહી શકાય? આ પ્રશ્નનો ઉત્તર જો કોઈક પાસે હોય તો હું રાહ જોઉં છું !

### પાલિકા દ્વારા લાખોના ખર્ચે બનાવેલ

# કાનુરબરડા તેમજ માલનપાડાની સિમેન્ટ કોંક્રેટની ટાંકી પાણી વિના તરસી રહી છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૬ :** ધરમપુર પાલિકા સમાવિષ્ટ વોર્ડ નં ૧ માં ૧૪માં નાણાપંચ યોજના હેઠળ કાનૂરબરડા આહિર ફળિયા કોલેજ રોડ પાસે તેમજ માલનપાડા ખોરી ફળિયા વિસ્તારમા લાખોના ખર્ચે બનાવવામાં આવેલ પાણીની ટાંકી પાણી વિના તરસી રહી છે.

ધરમપુરના વોર્ડ નંબર ૧ના કાનુરબરડાના આહીર ફળીયા વિસ્તારમાં પાણીની સુવિધા મળી રહે એ હેતુથી ૧૪માં નાણાપંચ યોજના હેઠળ લાખોના ખર્ચે બનાવવામાં આવેલ પાણીની ટાંકી આશરે એકાદ વર્ષથી સિમેન્ટ કોંક્રિટ થી બનાવી રંગ રોગોગન સાથે ટાંકીનું કામકાજ પૂર્ણ થયું હોવા છતાં તેમાં ટીપુએ પાણી ન હોવાથી માત્ર શોભાના ગાંઠિયા સમાન ભાસી રહી છે



નવીનીકરણ કરાયેલ સિમેન્ટ કોંક્રીટની ટાંકીના પાણીનો ઉપયોગ કાનૂર બરડા આહિર ફળિયાથી સુવિધા મોલ વિસ્તારના રહેણાંકોને ઉપયોગમાં આવે એ હેતુથી બનાવવામાં આવી હતી જોકે ટાંકીનું કામકાજ પૂર્ણ થયેલ હોવા છતાં આજ દિન સુધી ઉભી કરાયેલ ટાંકીમાં ટીપુંએ પાણી ન હોવાને કારણે આ વિસ્તારના રહેણાંકો ને પાણીનો લાભ ન મળતા બુમરાણ ઉઠવા પામી છે.

તે ઉપરાંત પાલિકાના વોર્ડ નં. ૬ સમાવિષ્ટ માલનપાડાના ખોરી ફળિયામાં છેલ્લા કેટલા સમયથી ટાંકીનું કામકાજ પૂર્ણ થયું હોવા છતાં આજ દિન સુધી ટાંકી માં પાણી ન હોવાને કારણે ખોરી ફળિયા સહિત આજુબાજુ વિસ્તારના રહીશો ભર ઉનાળે પાણી માટે આજુબાજુ વલખા મારી રહ્યા છે. જયારે આ વિસ્તારમાં ટાંકી બની હોવા છતાં ટાંકીના પાણીનો લાભ રહીશોને ન મળતા બુમરાણ ઉઠવા પામી છે જોવુ રહ્યુ કે કાનુર બરડા તેમજ માલનપાડાના ખોરી ફળિયા વિસ્તારમાં લાખોના ખર્ચે ઊભી કરાયેલ ટાંકીના પાણીનીનો લાભ ક્યારે મળી રહેશે ?

# નાનાપોંઢા વિસ્તારમાં ગંદકી ફેલાવનારા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૪ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નાનાપોઢા વિસ્તાર અને આસપાસના વિસ્તારોમાં નાના-મોટા વેપારીઓ દ્વારા કચરાનાં ગેરકાયદેસર નિકાલના કારણે ગંદકી અને અસ્વચ્છતા વ્યાપી રહી છે. સ્થાનિક નાગરિકોના જણાવ્યા અનુસાર, લોકો ચાલુ બાઈકે અને ચાલીને પણ કચરો ભરેલી થેલીઓ,પ્લાસ્ટિક બેગ સહિતનો કચરો ફેંકી દેવાતાં ગંદકી પારડી ચીવલ રોડ કુંભારના ઘર પાસે, મરીમાતા ચોકડીથી અરનાલા તળાવ સુધી,મરીમાતા ચોકડીથી ધગડમાળ તેમજ ધરમપુર ચીવલ રોડ, તોરણવેરા ફળિયા, વાપી રોડ કોલક નદી નજીક મોટા પ્રમાણમાં કચરો ફેંકવામાં આવી રહ્યો છે. ખાસ કરીને ચિકન સેન્ટર ધાબા વાળા કચરો નાખવામાં આવે જે દુર્ગંધ મારે છે. રોડ પર મોટી સંખ્યામાં કુતરાઓનું ટોળું જોવા મળે છે વાહન ચાલકો માટે અકસ્માત સર્જી શકે છે.



આ વિસ્તારોમાં વેપારીઓ દ્વારા થતી ગેરસફાઈ અને ગંદકીના કારણે સ્થાનિક રહીશો તકલીફનો સામનો કરી રહ્યા છે. નાનાપોઢાના વેપારીઓ તથા હાટ બજારમાં વેપાર કરનારા કેટલીક દુકાનો કચરો ખુલ્લેમાં નાંખી દેતા હોવાથી અહિયાં દુર્ગંધ ફેલાઈ છે. આમ, ગ્રામજનોના આરોગ્ય પર તેની સીધી અસર થઈ રહી છે. શાળાઓ અને રહેણાંક વિસ્તારો પાસે પણ ગંદકી જોવા મળી રહી છે, જે બાળકોના આરોગ્ય માટે પણ ખતરો ઉભો કરે છે. સત્તાધીશો દ્વારા ઉણપ અને ઉગ્ર વિરોધ નાગરિકોના જણાવ્યા પ્રમાણે, આ મામલે અત્યાર સુધી કોઈ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી નથી. ચીવલ અને અરનાલા ગ્રામપંચાયત દ્વારા આ ગંદકી અંગે નાનાપોઢા ગ્રામપંચાયતને લેખિતમાં જાણ કરવી જોઈએ. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે સરકારે આ સમસ્યાને ગંભીરતાથી લીધું નથી, અને વેપારીઓ મનફાવે તેમ કચરો ફેંકી રહ્યા છે.

આ વિસ્તારોમાં કેટલીક જગ્યાએ કચરો નાંખવાને કારણે માર્ગો પર ગંદકી થઈ છે, અને નેશનલ હાઈવે નજીક ગંદકીના કારણે અકસ્માતની સંભાવના વધી છે. આ માટે નેશનલ હાઈવે ઓથોરિટીની પણ જવાબદારી બને છે કે તે માર્ગોની નિયમિત સફાઈ કરે. વલસાડ આરોગ્ય વિભાગ અને જિલ્લા કલેક્ટરે આ અંગે યોગ્ય પગલાં લેવા જરૂરી છે.

સરકાર સ્વચ્છ ભારત મિશનના નામે પ્રચાર તો કરે છે, પરંતુ વાસ્તવમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં તેની અમલવારી સકારાત્મક રીતે થઈ રહી નથી. જો ગ્રામપંચાયત, આરોગ્ય વિભાગ, અને સ્થાનિક વહીવટીતંત્ર ગંદકી વિરુદ્ધ યોગ્ય પગલાં નહીં ભરે, તો લોકોની તકલીફો વધતી જ જશે. તેથી, વહેલી તકે આ વિસ્તારમાં સફાઈ અભિયાન ચલાવવામાં આવે અને જે વેપારીઓ ગંદકી ફેલાવે છે, તેમના પર દંડની કાર્યવાહી કરવામાં આવે, તેવી નાગરિકો દ્વારા માગ ઉઠી રહી છે.

કપરાડા અને આસપાસના વિસ્તારોમાં ગંદકી વિરુદ્ધ ઝડપી અને સખત પગલાં ભરવાની માંગ સાથે સ્થાનિક નાગરિકોએ અધિકારીઓ અને સરકારી તંત્રને જવાબદાર ગણાવ્યા છે. જો આ સમસ્યાનો ઉકેલ નહીં આવે, તો આગામી સમયમાં નાગરિકો ઉગ્ર આંદોલન કરવાની તૈયારી કરી રહ્યા છે. વલસાડ જિલ્લા વહીવટીતંત્ર અને સ્થાનિક પંચાયતોએ આ મુદ્દાને -નથમિકતા આપવી જોઈએ, જેથી નાનાપોઢા અને આસપાસના વિસ્તારો ગામો ચીવલ, ધગડમાળ, અરનાલા, જોગવેલ, સ્વચ્છ અને આરોગ્યપ્રદ બની શકે.

# કપરાડાના આમધા ગામે નિરાધાર વૃદ્ધ મહિલાને સહાય અપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા.૩ :** માનવસેવા એજ પ્રભુ સેવા આ સિદ્ધાંતને સાકાર કરતા સ્વામિનારાયણ જ્ઞાનપીઠ સલવાવના સંતોએ વલસાડ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં આવેલી આમધા ઝરી ફળિયામાં નિરાધાર વૃદ્ધ મહિલા, કાંતાબેન કાળુભાઈ વધમાર્યાની મદદ કરી.પતિ અને પુત્રના અવસાન પછી કાંતાબેન નિરાધાર અને અસહાય બની ગયા. આ પરિસ્થિતિમાં, શાસ્ત્રી સ્વામી કપિલજીવનદાસજી સલવાવ, વિજ્ઞાન વલ્લભ સ્વામી મોટાપોંઢા, રામ સ્વામી, માધવ સ્વામી તેમજ શિરીષભાઈ હિરપરાએ તેમને તાત્કાલિક મદદ પહોંચાડી. તેમણે જીવન જરૂરી સામગ્રી પૂરું પાડીને કાંતાબેન માટે રહેવાસની વ્યવસ્થા કરવાની પહેલ કરી.ગ્રામજનોનો સહકાર અને એકતાનું પ્રદર્શન કર્યુ હતું.

આ હકારાત્મક પહેલથી ગામમાં માનવતાની અનોખી લાગણી પેદા થઈ. જીતેશભાઈ વધમાર્યાની જાણકારી બાદ તરત જ સંતોએ નવા ઘરની વ્યવસ્થા શરૂ કરી. સ્થાનિક મહિલાઓ અને યુવાનો સ્વયંસેવક બનીને સહાય માટે આગળ આવ્યા. સ્વામિનારાયણ જ્ઞાનપીઠ સલવાવ દ્વારા ઘર બનાવવા માટે જરૂરી સામગ્રીઓ સિમેન્ટ, પતરા, થાંભલા પૂરા પાડવામાં આવ્યા.સંતોની સમાજસેવા પ્રતિજ્ઞા શાસ્ત્રી સ્વામી કપિલજીવનદાસજીએ જણાવ્યું કે, `સામાજિક જવાબદારી નિભાવવી દરેકનું કર્તવ્ય છે. અસહાય લોકોની સેવા એ માનવધર્મ અને આધ્યાત્મિક માર્ગ છે`. તેઓએ ગ્રામજનોની કોઈ પણ પ્રકારની આવશ્યકતાઓ માટે હંમેશા સજ્જ રહેવાની પ્રતિજ્ઞા લીધી. સંતોની હાજરી અને આનંદનો માહોલ આ સેવા પ્રવૃત્તિના ભાગરૂપે, સંતોની ઉપસ્થિતિથી સમગ્ર ગામમાં ખુશીનો માહોલ સર્જાયો. ગ્રામજનો અને મહિલાઓએ તેમની મદદ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી. આ માત્ર એક વૃદ્ધ મહિલાને આશરો પૂરું પાડવાની ઘટના નહોતી, પરંતુ સમગ્ર સમાજ માટે એક પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યું છે. આ સેવા ભાવિ કાર્ય ભવિષ્યમાં પણ અન્ય લોકોને પ્રેરણા પૂરી પાડશે અને માનવસેવાનો શ્રેષ્ઠ ઉદાહરણ બની રહેશે.

# ધરમપુરના ઉપશિક્ષિકાનો નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૬ :** રાજમહાલ રોડખાતે યોજાયેલ વિદાય સમારંભમાં ધરમપુર વિસ્તારના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા જેઓએ વય મર્યાદા ના કારણે નિવૃત થનાર શાળાના શિક્ષિકા સુલક્ષણાબેન ઠાકોર હવે પછીનું જીવન નિરોગી સુખમય અને પરિવાર સાથે આનંદમય રીતે વિતાવે એવી શુભેચ્છા પાઠવી જેઓના શિક્ષણથી બાળકોને મળેલ સારા સંસ્કાર તેમજ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને શિસ્તના પાઠ ભણાવી આજે સારી એવી પોસ્ટ પર નોકરી કરી રહ્યા છે જે ખરેખર સુલક્ષણા બેનની શિક્ષકમય પ્રવૃત્તિને બિરદાવી રહી આ પ્રસંગે એસએમસીના પ્રમુખ રાજેશ પટેલ, પ્રાથમિક સંઘના પ્રમુખ ગોકુળભાઈ પટેલ, પૂર્વ પ્રાથમિક સંઘના મંત્રી વિજયભાઈ પરમાર પાલિકાના શિક્ષણ સમિતિના ચેરમેન નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહી પ્રસંગ અનુસાર પ્રવચન કર્યું હતું. યોજાયેલ નિવૃત્ત વિદાય સમારંભમાં નગરપાલિકાના સભ્યો જગદીશભાઈ આહીર, ડાહ્યાભાઈ પટેલ, મીનાબેન, રાગિણીબેન એસએમએસએમ હાઈસ્કુલ ના નિવૃત્ત ઈન્ચાર્જ આચાર્ય નરેન્દ્રભાઈ ચાવડા, વલસાડ તા. પ્રા. શિ. સંઘના હોદેદારો, પ્રા. શાળાના આચાર્ય અને શિક્ષકો, નિવૃત શિક્ષકો વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. નિવૃત્ત થતા શિક્ષિકાનુ શાળાના આચાર્યા તથા સ્ટાફ દ્વારા શાલ ઓઢાડી સ્મૃતિ ભેટ આપી સન્માનિત કરાયા હતાં. શાળાના આચાર્યાએ આભાર વિધિ આટોપી હતી.

# આજથી બરુમાળ ધામ ખાતે રજતોત્સવ કાર્યક્રમની ઉજવણી થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૬ :** ધરમપુરના બરૂમાળમાં સ્થિત ભગવાન શ્રી ભાવભાવેશ્વર મહાદેવના પાંચ દિવસીય રજતોત્સવ કાર્યક્રમ - `સંકલ્પ સનાતન` અંગે શ્રી સદગુરુ ધામ આશ્રમ, બરુમાળ ખાતે મળેલ પત્રકાર પરિષદમાં પરમ આદર્શ આચાર્ય મહામંડલેશ્વર સ્વામી વિદ્યાનંદ સરસ્વતીજી મહારાજની દિવ્ય ઉપસ્થિતિની સાથે પંડિત વિનાયક શર્માજી પણ ઉપસ્થિત રહ્યા હતાં.

પંડિત વિનાયક શર્માજીએ મીડિયાને સંબોધન કરી ૭ એપ્રિલથી શરૂ થનાર આ ભવ્ય ઐતિહાસિક મહોત્સવના આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજિક મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. સ્વામી વિદ્યાનંદ સરસ્વતીજી મહારાજજીએ કહ્યું હતું કે ભગવાન શ્રી ભાવભાવેશ્વર મહાદેવ તેરમું જયોર્તિલિંગ કેવી રીતે છે.બરૂમાલ ક્ષેત્રમાં શરૂઆતી સંઘર્ષ અને સ્નેહ બંનેનું વર્ણન મહારાજ દ્વારા કરવામાં આવ્યું.

૧૧ એપ્રિલના રોજ પંડિત વિનાયક શર્માજી દ્વારા હનુમાન ચાલીસા અને હનુમાન ચરિત પર કથાનું આયોજન થશે. સ્વામી વિદ્યાનંદ સરસ્વતીજીએ જણાવ્યું હતું કે આ મહોત્સવમાં દેશ-વિદેશથી શ્રધ્ધાળુ અને સંત મહાપુરુષ પધારી રહ્યા છે. અને આ આયોજન ભારતને વિશ્વગુરુ બનાવવાના સંકલ્પની દિશામાં એક સશક્ત પગલું છે. રજતોત્સવ ઉજવણીમાં જગતગુરુ શંકરાચાર્ય સ્વામી વાસુદેવાનંદ સરસ્વતીજી મહારાજ, બદ્રિકા આશ્રમ, મોહન ભાગવત જી, સરસંઘચાલક, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS), ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી, ગજેન્દ્ર સિંહ શેખાવત જી કેન્દ્રીય મંત્રી., હર્ષ સંઘવી જી ગૃહ રાજય મંત્રી ગુજરાત સરકાર, મદન રાઠોડ, ભાજપના પ્રદેશ અધ્યક્ષ રાજસ્થાન અને રાજયસભાના સભ્ય, મહામંડલેશ્વર સંતો, સાધ્વી માં ઋતંભરા, મજજગદગુરુ નાભાપીઠાધીશ્વર સ્વામી સુતીક્ષ્ણદાસ દેવાચાર્યજી મહારાજ, સુદામા કુટી (વૃંદાવન) ભાગવત કિંકર પૂજ્ય અનુરાગ કૃષ્ણ શાસ્ત્રીજી, પુંડરીક ગોસ્વામીજી મહારાજ, શ્રી રાજુ દાસ જી મહારાજ, મહંત, હનુમાનગઢી મંદિર અને અન્ય સંતગણ યોજાનાર રજત્સવ ઉજવણીમાં ઉપસ્થિત થનાર હોવાની માહિતી પ્રાપ્ત થવા પામી હતી.

# ધરમપુરમાં ભાજપની સ્થાપના દિન ઉજવણી કરાઈ

### પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પ્રતિમાને પુષ્પાંજલિ : શ્રી રાધાકૃષ્ણજીના મંદિર ખાતે સફાઈ અભિયાન અને વૃક્ષારોપણ, દર્દીઓને ફળોનું કરાયું વિતરણ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૬ :** ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના યશસ્વી અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ અને પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નકારની સૂચના અને માર્ગદર્શન મુજબ ભારતીય જનતા પાર્ટીના ૪૬માં સ્થાપના દિન નિમિત્તે વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ હેમંતભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલની વિશેષ ઉપસ્તીથીમાં ધરમપુર શહેર ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી, શહેરના પ્રસિધ્ધ રાધાકૃષ્ણજી મંદિર ખાતે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું અને મંદિર પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ કરાયું હતું. આ સાથે ધરમપુર સ્ટેટ હોસ્પિટલ ખાતે દર્દીઓને ફળ ફળાદી નું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ તબક્કે ધરમપુર શહેર ભાજપ પ્રમુખ અમિતભાઈ ચોરેરા, મહામંત્રીઓ, નગરપાલિકાના સભ્યો, સંગઠનના હોદેદારો, વિવિધ મોરચાના હોદેદારો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# વિરવલના ખેડૂતે અડદની ખેતી કરી આર્થિક પ્રગતિ તરફ ડગ માંડ્યા

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને સુભાષ પાલેકરના પ્રાકૃતિક ખેતી આધારિત પુસ્તકો વાંચી પ્રેરણા મળી

**વલસાડ, તા. ૬ :** પ્રાકૃતિક ખેતીનો વ્યાપ ગામે ગામ વધી રહ્યો છે. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન અને સહાય મળી રહે તેવા ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. ત્યારે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના વિરવલ ગામે અડદની ખેતી કરી ખેડૂત સમૃધ્ધ બન્યા છે.

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી વિવિધ પહેલો હાથ ધરવામાં આવી રહી છે. વલસાડ જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક કૃષિને -નેત્સાહન આપવા માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેથી વધુને વધુ ખેડૂતો -નકૃતિક ખેતી તરફ વળે અને ઓછા ખર્ચે વધુ આવક મેળવી શકે. આવા જ એક ખેડૂત છે ધરમપુર તાલુકાના વિરવલ ગામના રતિલાલ બાબુભાઈ પટેલ. તેઓ જણાવે છે કે, આત્મા પ્રોજેક્ટ દ્વારા ધરમપુરના બરૂમાળ ખાતે યોજાયેલી સુભાષ પાલેકરની ૭ દિવસની ઓનલાઈન તાલીમ કાર્યક્રમમાં ભાગ લઈને પ્રાકૃતિક ખેતીની માહિતી મેળવી હતી. આપણા ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને સુભાષ પાલેકરે લખેલા પ્રાકૃતિક ખેતીના પુસ્તકો વાંચી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી.

વધુમાં તેઓ જણાવે છે કે, આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ અમારા ગામે આવી જીવામૃત, ઘનજીવામૃત બનાવવાની તાલીમ આપી અને સાથે દશપર્ણી અર્ક નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર જે રોગ જીવાત નિયંત્રણ માટેના આયામો બનાવવાની પણ તાલીમ આપી હતી. પ્રાકૃતિક ખેતીમાં રીંગણ, અડદ જેવા પાકોની ખેતી કરી હતી. રાસાયણિક દવા કે ખાતરનો ઉપયોગથી જમીન અને પૈસા બંનેનો બગાડ થાય છે. જયારે -નકૃતિક ખેતી માટે જરૂરી સાધનો ઘરની આજુબાજુ જ મળી રહે છે. બજારથી ખરીદી કરીને લાવવાની જરૂર રહેતી નથી જેથી આપણો ખેતી ખર્ચ ઘટે છે. અડદના બિયારણને બીજામૃતનો પટ આપી વાવેતર કર્યુ તો ૧૦૦ ટકા બિયારણનો ઉગાવો જોવા મળ્યો હતો. જમીન તૈયાર કરી ઘનજીવામૃત નાંખ્યુ હતુ અને વાવેતર કરીને સાથે જીવામૃત આપ્યું તો બિયારણનો ઝડપથી વ્યાપ વધ્યો અને છોડ પણ તંદુરસ્ત થયા હતા. આમ, સમયાંતરે જીવામૃત પાણી સાથે આપવાનું ચાલુ રાખ્યું હતુ. સતત જીવામૃત આપવાથી અમારી જમીનમાં ભરપૂર પ્રમાણમાં અળસિયા જોવા મળ્યા હતા તેમજ જમીન પોચી અને ફળદ્રુપ





બની હતી. જેથી પાકનું ઉત્પાદન પણ સારૂ આવ્યું હતું. ઉત્પાદનની ગુણવત્તા સારી હોવાથી બજાર ભાવ પણ સારો મળ્યો હતો. બે એકર જમીન પર પ્રાકૃતિક કૃષિ કરી રાસાયણિક ખાતરથી થતી ખેતી કરતા વધુ સારી આવક મળી રહી છે. જે બદલ હું રાજ્ય સરકારનો આભાર માનુ છું.

# ધોધડકુવામાં જલારામ મંદિરે સમૂહ સત્ય નારાયણ કથા યોજાઈ

**કપરાડ, તા. ૪ :** કપરાડા તાલુકાના ધોધડકુવા ગામમાં રામનવમીના પાવન અવસરે ભક્તિમય વાતાવરણ વચ્ચે જલારામ મંદિરે સમૂહ સત્ય નારાયણ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર પ્રસંગે ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાન રામની ભક્તિમાં લીન થયા હતાં. આ પ્રસંગે પંકજભાઈ વ્યાસની ઉપસ્થિતિમાં આ સમૂહ કથા પૂર્ણ થઈ હતી. પંકજભાઈએ તેમના જ્ઞાનપ્રેરક પ્રવચન દ્વારા ભગવાન શ્રીરામના જીવન ચરિત્રનું મહાત્મ્ય ભક્તોને સમજાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે ભગવાન રામના



આદર્શો અને જીવનમૂલ્યો આજે પણ આપણને જીવન જીવવાની સાચી દિશા આપે છે. રામના જીવનમાં આપેલા સંસ્કાર, અનુશાસન, માતા-પિતાનું આજ્ઞાપાલન, ભાઈપણા અને એક નાગરિક તરીકેનું કર્તવ્યપાલન - એ બધું આપણા જીવન માટે માર્ગદર્શક બને તે જરૂરી છે.આ કાર્યક્રમનું આયોજન ધોધડકુવા ગામના જલારામ ભક્ત મંડળ દ્વારા સમગ્ર સમર્પણભાવથી કરવામાં આવ્યું હતું. મંદિર પરિસરમાં કથા પૂર્ણ થયા પછી ભક્તો માટે મહાપ્રસાદની પણ વ્યવસ્થા રાખવામાં આવી હતી.

# અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 07, April 2025

## ટેરિફ અને ભારત

મહિનાઓની અટકળો અને હંગામા બાદ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આખરે ભારત સહિત દુનિયાના લગભગ તમામ પ્રમુખ દેશો પર પારસ્પરિક ટેરિફની જાહેરાત કરી દીધી, જેનાથી વૈશ્વિક બજારો તૂટી ગયાં છે, ભારતમાં પણ તેના પ્રભાવને લઈને ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. અમેરિકાનો દાવો છે કે ભારત પર ૨૬ ટકા શુલ્ક, ભારત દ્વારા અમેરિકી ઉત્પાદનો પર લગાવવામાં આવેલ પ૨ ટકા ટેરિફના જવાબમાં છે, જે તેમના અમેરિકા ફર્સ્ટ એજન્ડાનો જ હિસ્સો છે. અસલમાં ટ્રમ્પ કહેતા આવ્યા છે કે જો કોઈ દેશ અમેરિકી સામાન પર વધારે આયાત શુલ્ક લગાવે છે, ેત અમેરિકા પણ એ દેશથી આયાત થનારી ચીજો પર વધુ ટેરિફ લગાવશે. ભારત અમેરિકી વસ્તુઓ પર સૌથી વધારે ટેરિફ લગાવનાર દેશોમાં સામેલ છે, તેથી એ જોતાં ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલ જવાબી શુલ્ક અનપેક્ષિત નથી. ભારતના વસ્તુ નિકાસનું સૌથી મોટું ગંતવ્ય અમેરિકા જ છે, એવામાં કેટલાક પડકારો ચોક્કસ આવશે, પરંતુ જવાબી શુલ્કના -ભાવોનું વિશ્લેષણ કરતી વખતે કેટલાક અન્ય પાસાં પર વિચાર પણ -ાસંગિક છે. ચીન (૩૪ ટકા), વિયેતનામ (૪૬ ટકા), બાંગ્લાદેશ (૩૭ ટકા), થાઈલેન્ડ (૨૬ ટકા) અને ઈન્ડોનેશિયા (૩૨ ટકા)ની તુલનામાં ભારત પર લગાવવામાં આવેલ ટેરિફ ઓછો જ છે, જ્યારે આ તમામ દેશો ભારતીય નિકાસકારોના હરીફ છે અને કોઈને કોઇ રૂપે અમેરિકી બજારો સુધી પહોંચે છે.

આ સ્થિતિ તુલનાત્મક રૂપે ભારત માટે સારી સાબિત થઈ શકે છે. જેમ કે કાપડ મામલે ભારતે હવે વિયેતનામ, બાંગ્લાદેશ અને ચીન જેવા પ્રમુખ હરીફોની તુલનામાં અમેરિકી બજાર સુધી પહોંચવામાં તુલનાત્મક રૂપે લાભ થઈ શકે છે. તે ઉપરાંત ભારત અને અમેરિકા પહેલેથી જ દ્વિપક્ષીય વેપાર સમજૂતી પર વાતચીત કરી રહ્યા છે, બંને પક્ષોનું લપ્રય આ વર્ષે ઓક્ટોબર સુધી સોદાના પહેલા ચરણને અંતિમ રૂપ આપવાનું છે અને આશા રાખવી જોઈએ કે ભારત તરફથી મોટાભાગની ચર્ચા આ શુલ્કોના કેટલાક -તિકૂળ -ભાવોને ઓછા કરવા પર કેન્દ્રિત હશે. આ ટેરિફ સંકટ ભારતને પોતાના વેપારી સંબંધોમાં વિવિધતા લાવવાનો અવસર પણ આપે છે. યુરોપીય સંઘ, બ્રિટન, ન્યૂઝીલેન્ડ, ઓમાન જેવા કેટલાય દેશો સાથે મુક્ત વેપાર સમજૂતી મંત્રણાઓને તેજી આપીને ભારતે પહેલેથી જ આ દિશામાં ડગ માંડી દીધાં છે અને હવે ટ્રમ્પની નીતિ તેને વધુ પ્રોત્સાહિત કરી શકે છે. ટ્રમ્પની પારસ્પરિક શુલ્ક નીતિનો અસલ પ્રભાવ તો થોડા મહિનામાં સ્પષ્ટ થશે, પરંતુ તેણે વૈશ્વિક વેપારને એક નવો વળાંક તો આપ્યો જ છે. નિંસંદેહ આ આપણી આર્થિક નીતિઓને ફરીથી પરખવાનો સમય છે, પરંતુ તાત્કાલિક જરૂરિયાત એ વાતની છે કે સરકાર અને ઉદ્યોગ મળીને એવી ઠોસ રણનીતિઓ બનાવે, જેનાથી આપણે આવી પડેલી આપદામાં સમાયેલા અવસરોનો વધુને વધુ લાભ ઉઠાવી શકીએ. આ બાજુ ટ્રમ્પ ભલે માનતા હોય કે પોતાની ટેરિફ નીતિથી તે અમેરિકાને ફરીથી મહાન બનાવી દેશે, પરંતુ આશંકા એ છે કે એનાથી અમેરિકાનું નુક્સાન જ વધારે થશે. ત્યાં ફુગાવો વધવાની સાથે જ મંદી આવી શકે છે, જેની અસર આખી દુનિયા પર પડી શકે છે.

## મોદીએ રામેશ્વરમમાં ૮,૩૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
ચેન્નઈ, તા.૬ , વડાપ્રધાન મોદીએ કહ્યું, મને ખુશી છે કે રૂ. ૮૩૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ આજે લોન્ચ કરવામાં આવ્યા છે. આ ભારત રત્ન ડૉ. કલામની ભૂમિ છે. અહીંનો પંબન પુલ ટેકનોલોજીનું ઉત્તમ ઉદાહરણ છે. આ ૨૧મી સદીમાં એન્જિનિયરિંગનું એક ઉત્તમ ઉદાહરણ છે. પંબન પુલ મુસાફરીને સરળ બનાવશે. આ ભારતનો પહેલો વર્ટિકલ સી બ્રિજ છે, જેના પર ટ્રેનો પહેલા કરતા વધુ ઝડપથી દોડશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે રામ નવમી નિમિત્તે તમિલનાડુના રામેશ્વરમમાં રામનાથસ્વામી મંદિરમાં પૂજા અર્ચના કરી. થાઈલેન્ડ અને શ્રીલંકાની ૩ દિવસની મુલાકાત બાદ પીએમ મોદી સીધા રામેશ્વરમ પહોંચ્યા હતા. વડાપ્રધાન મોદીએ રામેશ્વરમમાં ૮,૩૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું. આ દરમિયાન તેમણે એક જાહેર સભાને પણ સંબોધિત કરી. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે આજે રામ નવમી છે. ભગવાન રામની પ્રેરણા રાષ્ટ્ર નિર્માણનો પાયો છે.

વડાપ્રધાને કહ્યું કે આજે અયોધ્યામાં સૂર્યના કિરણોએ રામલલાને ભવ્ય તિલક લગાવ્યું છે. તમિલનાડુના સાહિત્યમાં પણ ભગવાન રામનો ઉલ્લેખ જોવા મળે છે. રામેશ્વરમની આ પવિત્ર ભૂમિ પરથી, હું મારા બધા દેશવાસીઓને રામ નવમીની શુભકામનાઓ પાઠવું છું. વડાપ્રધાન મોદીએ કહ્યું, મને ખુશી છે કે રૂ.૮,૩૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ આજે લોન્ચ કરવામાં આવ્યા છે. આ ભારત રત્ન ડૉ. કલામની ભૂમિ છે. અહીંનો પંબન પુલ ટેકનોલોજીનું ઉત્તમ ઉદાહરણ છે. આ ૨૧મી સદીમાં એન્જિનિયરિંગનું એક ઉત્તમ ઉદાહરણ છે. પંબન પુલ મુસાફરીને સરળ બનાવશે. આ પુલ ટેકનોલોજી અને વારસાનું મિશ્રણ છે.

પીએમ મોદીએ તમિલ ભાષા અંગે પહેલી વખત નિવેદન આપ્યું. પીએમએ કહ્યું કે હું તમિલનાડુ સરકારને કહેવા માંગુ છું કે તમિલ ભાષામાં મેડિકલ કોર્ષ શરૂ કરે જેથી ગરીબ પરિવારોના દીકરા-દીકરીઓ જે અંગ્રેજી નથી જાણતા તેઓ પણ ડોક્ટર બની શકે. પીએમએ કહ્યું કે ક્યારેક મને આશ્ચર્ય થાય છે જ્યારે તમિલનાડુના કેટલાક નેતાઓના પત્રો મને પહોંચે છે. કોઈ પણ નેતા ક્યારેય તમિલ ભાષામાં સહી કરતા નથી. તમિલ પર ગર્વ કરો, ઓછામાં ઓછું તમિલમાં સાઈન કરો.

પીએમ મોદીએ કહ્યું કે આ ભારતનો પહેલો વર્ટિકલ સી બ્રિજ છે, જેના પર ટ્રેનો પહેલા કરતા વધુ ઝડપથી દોડશે. આ પુલની માંગ ઘણા સમયથી હતી. તમારા આશીર્વાદથી આ શક્ય બન્યું છે. આ વ્યવસાય કરવાની સરળતામાં ખૂબ મદદરૂપ થશે. નવી ટ્રેન સેવા રામેશ્વરમથી ચેન્નાઈ અને દેશના અન્ય ભાગો સુધી પ્રવાસન અને વ્યવસાયને વેગ આપશે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતની અર્થવ્યવસ્થાનો વિકાસ બમણો થયો છે. રેલ, રોડ, એરપોર્ટ અને ગેસ પાઈપલાઈનના બજેટમાં લગભગ ૬ ગણો વધારો કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે આજે દેશમાં મેગા પ્રોજેક્ટ્સ પર કામ ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે. જમ્મુ અને કાશ્મીરમાં વિશ્વનો સૌથી ઊંચો ચેનાબ પુલ બનાવવામાં આવ્યો છે. મુંબઈમાં ઉત્તર અને અટલ સેતુમાં બોગી બ્રિજ બનાવવામાં આવ્યો છે. સમર્પિત ફ્રેઈટ કોરિડોર પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે. નમો ભારત અમૃત ભારત દેશને આધુનિક બનાવી રહ્યું છે. બુલેટ ટ્રેનનું કામ ઝડપથી ચાલી રહ્યું છે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે જ્યારે ભારતનો દરેક ક્ષેત્ર જોડાય છે ત્યારે એક વિકસિત રાષ્ટ્રનું નિર્માણ થાય છે. આનાથી સમગ્ર દેશની ક્ષમતા બહાર આવી રહી છે. વિકસિત ભારત તરફની સફરમાં તમિલનાડુની મોટી ભૂમિકા છે. તમિલનાડુ જેટલું વધુ વિકાસ કરશે, દેશનો વિકાસ એટલો જ વધુ થશે. મોદી સરકારે પાછલી સરકાર કરતા ત્રણ ગણા વધુ પૈસા આપ્યા છે. આનાથી વૃદ્ધિમાં ઘણી મદદ મળી છે. વડાપ્રધાને કહ્યું કે તમિલનાડુનું માળખાગત સુવિધા ભારત સરકારની પ્રાથમિકતા છે. અહીં રેલ્વે બજેટમાં ૭ ગણો વધારો થયો છે. આમ છતાં, કેટલાક લોકોને કોઈ કારણ વગર રડવાની આદત હોય છે અને તેઓ રડતા રહે છે. ૨૦૧૪ પહેલા, રેલવે માટે ૯૦૦ કરોડ રૂપિયા પ્રાપ્ત થયા હતા. આ સરકારે ૬૦૦૦ કરોડ રૂપિયાથી વધુ આપ્યા. સરકાર ૭૭ રેલ્વે સ્ટેશનોને મોડેલ સ્ટેશનોમાં ફેરવી રહી છે, જેમાં રામેશ્વરમ સ્ટેશનનો પણ સમાવેશ થાય છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ઘણું કામ થયું છે. ૨૦૧૪ પછી ૪૦૦૦ કિલોમીટરના રસ્તા બનાવવામાં આવ્યા છે. ચેન્નાઈ બંદરને જોડતો રસ્તો ઉત્તમ માળખાગત સુવિધાનું ઉદાહરણ બનશે. આજે પણ લગભગ ૮૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આનાથી આંધ્રપ્રદેશ અને તમિલનાડુ વચ્ચે જોડાણ પણ વધશે. ચેન્નાઈ મેટ્રો જેવા આધુનિક જાહેર પરિવહનથી વ્યવસાયની સરળતામાં વધારો થયો છે. આનાથી નવી નોકરીની તકો મળે છે. છેલ્લા દાયકામાં, ભારતે સામાજિક માળખાગત સુવિધાઓમાં ભારે રોકાણ કર્યું છે. દેશમાં ગરીબ પરિવારોને ૪ કરોડથી વધુ પાકા મકાનો આપવામાં આવ્યા છે. તમિલનાડુમાં ૧૨ લાખ લોકોને ઘર મળ્યા છે.

### પાટીલનું મોટું નિવેદન

## વકફ બિલ સુધારા માટે માત્ર હિન્દુઓ જ નહિ, પારસી અને મુસ્લિમો પણ સહમત હતા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૬,** સુરત શહેરમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી તથા ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે વકફ સુધારા બિલને લઈ મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. સીઆર પાટીલે જણાવ્યુંછેકે, વકફ સુધારા બિલને લઈ લોકોથી સત્તાઓ સુધી અસંતોષ હતો અને કેટલાક નિયમો એવા હતા જેને દૂર કરવાને જરૂરી બની ગયું હતું. સુધારા માટે માત્ર હિન્દુઓ જ નહીં પારસીઓ અને મુસ્લિમો પણ સહમત હતા. કોઈ પણ સંસ્થા પોતાના હક વગર કોઈ મિલકત પર દાવેદારી ના કરી શકે એ માટે આ બિલ ખુબ જ મહત્વપૂર્ણ છે

સીઆર પાટીલે જણાવ્યું હતું સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી લઈ વિવાદ સર્જાયો હતો. આ મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો અને અંતે મહાનગરપાલિકા આ કેસ જીતી હતી. પરંતુ આવી પરિસ્થિતિ ભવિષ્યમાં ન સર્જાય એ માટે વકફ સુધારા બિલ લાવવાનો નિર્ણય લેવાયો હતો.

કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલએ રાષ્ટ્રપતિનો આભાર વ્યક્ત કરતા કહ્યું હતું કે, હું રાષ્ટ્રપતિના આભાર માનું છું કે તેમણે દેશના લોકોને જબરદસ્તીથી પોતાના હકોથી વંચિત થતા અટકાવવા માટે આ બિલને મંજૂરી આપી છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે વકફ સુધારા બિલ દેશના દરેક સમુદાય માટે છે અને કાયદા દ્વારા દરેકની મિલકત સુરક્ષિત રહેશે. કોઈ પણ સંસ્થા પોતાની માલિકીની મિલકતને છોડીને અન્ય મિલકત પર દાવેદારી નહીં કરી શકે એ માટે આ બિલ અમલમાં મૂકાયું છે.

ભાજપાનો સ્થાપના દિવસ નિમિત્તે ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ તથા કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલ તેમના નિવાસ સ્થાને ભાજપાનો ધ્વજ લહેરાવ્યો હતા. ભાજપની સ્થાપના દિવસ નિમિત્તે સીઆર પાટીલે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ માટે આજનો દિવસ આનંદ અને ઉત્સાહનો દિવસ છે. આખા વિશ્વમાં સૌથી મોટી મેમ્બરશીપ ધરાવતી ભારતીય જનતા પાર્ટી છે. સત્તામાં આવ્યા બાદ ભારતીય જનતા પાર્ટી એ લોકોની સેવા કઈ રીતે કરવી તેનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. ભારતીય જનતા પાર્ટીનો એક એક કાર્યકર્તા સૌપ્રથમ તો દેશને મહત્વ આપે છે ત્યારબાદ તે પોતાને મહત્વ આપે છે. એટલે કે દેશ પહેલા નંબરે છે અને ત્યારબાદ પાર્ટી બીજા નંબરે છે.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ વક્ફ સુધારા બિલને આપી મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૬, વક્ફ સંશોધન બિલ ૨૦૨૫ હવે કાયદો બની ગયો છે. આ બિલને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મંજૂરી આપી દીધી છે. વક્ફ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી પહેલા બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. સંસદ દ્વારા પસાર કરાયેલા વક્ફ સંશોધન અધિનિયમને ૫ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ રાષ્ટ્રપતિની સંમતિ મળી છે.

કેન્દ્રીય લઘુમતી કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ વિધેયકને ગૃહમાં રજૂ કર્યું હતું. આશરે ૧૨-૧૨ કલાક લાંબી ચર્ચા બાદ વક્ફ (સંશોધન) વિધેયક ૨૦૨૫ને બંને ગૃહમાંથી પસાર કરવામાં આવ્યું હતું. આ વિધેયકને લઈને સત્તાધારી દ્ઘ્ઘછ પક્ષ અને વિપક્ષી પાર્ટીઓ વચ્ચે લાંબી ચર્ચા ચાલી હતી.

લોકસભામાં ૨૮૮ સાંસદોએ વિધેયકના પક્ષમાં જ્યારે ૨૩૨ સાંસદોએ વિરોધમાં મત આપ્યા હતા. જ્યારે રાજ્યસભામાં બિલના પક્ષમાં ૧૨૮ મત પડ્યા હતા, જ્યારે તેની વિરુદ્ધ ૯૫ મત પડ્યા હતા. બિલ લોકસભા બાદ રાજ્યસભામાં પણ બિલ પસાર થઈ જતાં તેને રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ પાસે મંજૂરી માટે મોકલવામાં આવ્યું હતું. જ્યાં રાષ્ટ્રપતિની મંજૂરી મળતા જ વક્ફ (સંશોધન) બિલ કાયદો બન્યો છે.

સંસદના બંને ગૃહો દ્વારા વક્ફ સુધારા બિલ પસાર થયા બાદ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ તેને મંજૂરી આપી દીધી છે. આ નવા કાયદાને કોંગ્રેસ, AIMIM અને આમ આદમી પાર્ટી(AAP) દ્વારા અલગ-અલગ અરજીઓ સાથે સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. દેશના વિવિધ રાજ્યોમાં ઘણા મુસ્લિમ સંગઠનો પણ આનો વિરોધ કરી રહ્યા છે. કેન્દ્ર સરકારના મતે, આ કાયદો મુસ્લિમ વિરોધી નથી અને તેનો ઉદ્દેશ્ય વક્ફ મિલકતોના ભેદભાવ અને દુરુપયોગને રોકવાનો છે.

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB) એ પણ આ કાયદા અંગે ચિંતા વ્યક્ત કરવા માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે તાત્કાલિક બેઠક બોલાવવાની માંગ કરી હતી. લોકસભામાં વક્ફ સુધારા બિલના પક્ષમાં ૨૮૮ મત પડ્યા અને તેની વિરુદ્ધમાં ૨૩૨ મત પડ્યા. જ્યારે રાજ્યસભામાં બિલના પક્ષમાં ૧૨૮ અને વિરોધમાં ૯૫ મત પડ્યા. રાજ્યસભામાં વિપક્ષ દ્વારા લાવવામાં આવેલા તમામ સુધારા પ્રસ્તાવોને ધ્વનિ મતદાનથી નકારી કાઢવામાં આવ્યા હતા.

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB) એ શનિવારે (૫ એપ્રિલ, ૨૦૨૫) આ બિલ સામે દેશવ્યાપી આંદોલનની ચેતવણી આપી છે. AIMPLB દિલ્હી, મુંબઈ, કોલકાતા, હૈદરાબાદ, બેંગલુરુ, ચેન્નાઈ, વિજયવાડા, મલપ્પુરમ, પટના, રાંચી, માલેરકોટલા અને લખનૌમાં મોટા પાયે વિરોધ પ્રદર્શન કરશે.

સરકારનું કહેવું છે કે આ કાયદાથી મુસ્લિમ મહિલાઓને ફાયદો થશે અને વક્ફ મિલકતોના સંચાલનમાં પારદર્શિતા સુનિશ્ચિત થશે. એક મહિના પહેલા નવીન પટનાયકની પાર્ટી બીજુ જનતા દળ (BJD) દ્વારા વક્ફ સુધારા બિલનો વિરોધ કરવામાં આવ્યો હતો. જોકે, બિલ પર ચર્ચા પછી, બીજેડીએ તેના સાંસદોને મુક્તપણે મતદાન કરવા કહ્યું.

## અમદાવાદમાં VHP ની શોભાયાત્રામાં મોટો હંગામો

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૬, અમદાવાદના નિકોલમાં આજે રામનવમીના પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પ્રદર્શન કરાયું હતું. પોલીસે યાત્રા રોકતા VHP કાર્યકરોએ વિરોધ વ્યક્ત કર્યો હતો. શુકન ચાર રસ્તા નજીક ચક્કાજામ કરીને વિરોધ દર્શાવ્યો હતો. પોલીસે યાત્રા રોકીને લવજેહાદનો ટેબ્લો હટાવતા વિવાદ વકર્યો હતો. નિકોલમાં રામ નવમી યાત્રા દરમિયાન વિવાદ થયો હતો. પોલીસે શુકન ચાર રસ્તા ખાતે યાત્રાને અટકાવી હતી. યાત્રા અટકાવતાં જ VHP એ વિરોધ કર્યો હતો. તમામ કાર્યકરોએ યાત્રા અટકાવી, રસ્તા પર બેસીને રસ્તો બ્લોક કર્યો હતો. પોલીસે લવ જેહાદનો ટેબલ રાખવાની ના પાડી, તેના પર વિવાદ વકર્યો હતો.

આ પ્રદર્શન વિવિધ સંદેશાઓ સાથે કરવામાં આવી હતી, જેમાંથી એક લવ જેહાદ પણ એક મુદ્દો હતો. વિહીપ દ્વારા રજૂ કરાયેલા લવ જેહાદનો ટેબ્લો વાતાવરણમાં તંગદીલી સર્જે તેવું હતું. જેથી પોલીસે ટેબ્લો હટાવી દીધો હતો. ત્યારે ગુસ્સે થયેલા વિહીપના કાર્યકર્તાઓએ ચીમકી આપી હતી કે જ્યાં સુધી ટેબ્લો પરત નહીં આવે ત્યાં સુધી ચક્કાજામ ચાલુ રહેશે. જેથી પોલીસે ટેબ્લો ન આપવાનું જણાવ્યું હતું.

વિહીપની યાત્રા સવારે ૯:૩૦ વાગ્યે નીકળી, ૧૦:૩૦ સુધીમાં શુકન ચાર રસ્તા પર પહોંચી, ત્યાર સુધી ચક્કાજામ ચાલુ રહ્યો હતો. વિહીપના કાર્યકર્તાઓ પોતાની માંગ પર અડગ રહ્યા હતા. પોલીસ અને કાર્યકરો વચ્ચે વાટાઘાટો ચાલી હતી. વિરોધ દરમિયાન કાર્યકરોએ ટાયરો પણ સળગાવ્યા હતા. નિકોલના શુકન ચાર રસ્તા ખાતે ફઉઁનો વિરોધ ચાલુ રાખ્યો હતો.

ટ્રાફિક જામના કારણે નિકોલ વિસ્તારમાં સ્થાનિક લોકો અને વાહન ચાલકો પરેશાન થયા હતા. ૧૦૦ થી ૫૦૦ મીટરનું અંતર કાપવા માટે વાહનચાલકોએ ૨-૩ કિલોમીટરનું અંતર કાપવું પડ્યું હતું. ટુ વ્હીલર, ફોર વ્હીલર અને એમટીએસ બસ સહિતના વાહનોના ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જો કે, વાહનોના ચાલકોએ પોલીસ અને વીએચપી બંનેને નિવેદનો આપ્યા હતા કે, બંનેની માંગ પોતાની જગ્યાએ યોગ્ય છે.

## રામલલાના લલાટ પર ૪ મિનિટ સુધી રહ્યા હતા સૂર્યના કિરણો

(સંપૂર્ણ સમાચાર સેવા)
અયોધ્યા, તા.૬, રામ નવમીના દિવસે અયોધ્યાના રામ મંદિરમાં ભગવાન શ્રી રામલલાના ભાલ પર સૂર્ય તિલક થયું. સવારથી જ રામલલાની પૂજા શરૂ થઈ ગઈ હતી. આ સમય દરમિયાન, રામ નવમીના અવસર પર, રામલલાના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભક્તો રામ જન્મભૂમિ મંદિર પહોંચ્યા હતા. રવિવાર, ૬ એપ્રિલના રોજ, બરાબર બપોરે ૧૨ વાગ્યે સૂર્યતિલક થયું અને સૂર્યના કિરણો સીધા શ્રી રામલલાના કપાળ પર પડ્યા. શ્રદ્ધાળુઓને ધ્યાનમાં રાખીને કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી.

હનુમાનગઢીના મહંત સંજય દાસે રામ નવમી પર કહ્યું કે, આ અદ્ભુત અને અલૌકિક છે. અયોધ્યાના રાજા દશરથ અને ભગવાન શ્રી રામ સૂર્યવંશી હતા. જે સમયે ભગવાન રામનો જન્મ થયો હતો, તે સમયે ભગવાન સૂર્ય પોતે એક મહિના સુધી તેમની લીલા જોતા રહ્યા. તેથી, આ ચાર મિનિટનો સૂર્ય તિલક ખૂબ જ મહત્વપૂર્ણ છે અને બધા સનાતન ધર્મીઓ આ પ્રસંગની આતુરતાથી રાહ જુએ છે.

મહંત સંજય દાસે કહ્યું કે ભગવાન જે રીતે તે ક્ષણની રાહ જોઈ રહ્યા છે તે પોતે જ અતૂટ છે અને કારણ કે બધા સનાતન ધર્મીઓ અને હિન્દુઓ તે ક્ષણની રાહ જોઈ રહ્યા છે. રૂરકીના વૈજ્ઞાનિકો તેનું પરીક્ષણ કરી રહ્યા છે, તેઓ લાંબા સમયથી તેના પર કામ કરી રહ્યા છે. સમગ્ર અયોધ્યા ઉત્સાહિત છે. કારણ કે ભગવાન રામનો જન્મ થયો હતો અને આપણે ભગવાન રામની નગરીમાં છીએ.

તેમણે કહ્યું કે આ પહેલા ભગવાનની પ્રાર્થના કરવામાં આવી હતી, સુંદરકાંડનો પાઠ કરવામાં આવ્યો હતો અને પછી હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ દૂરદર્શન પર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, અયોધ્યા સહિત ઘણા શહેરોમાં મોટા ન્ઈઢ સ્ક્રીન લગાવીને તેનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ સમય દરમિયાન, આજે લગભગ ૪ લાખ શ્રદ્ધાળુઓ અયોધ્યા પહોંચવાની અપેક્ષા છે.

રામ નવમીને ધ્યાનમાં રાખીને મંદિરમાં દર્શનનો સમય પણ બદલાયો છે. સમયપત્રકની વાત કરીએ તો, રામ નવમીના દિવસે સવારથી રામલલાની પૂજા શરૂ થઈ ગઈ હતી. તમને જણાવી દઈએ કે કેટલાક વૈજ્ઞાનિકો પણ સૂર્ય તિલક સમયે હાજર હતા. રામ મંદિરમાં સાધનો પણ લગાવવામાં આવ્યા હતા. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે ૨૨ જાન્યુઆરીએ રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા પછી રામ મંદિરમાં આ બીજી વખત સૂર્યતિલક કરવામાં આવ્યું છે.

## નેતન્યાહૂ અને ટ્રમ્પે તૈયાર કર્યો 'ગાઝાનો ફાઈનલ વૉર પ્લાન'

(સંપૂર્ણ સમાચાર સેવા)
વૉશિંગ્ટન, તા.૬
ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શું ગાઝાનો ફાઈનલ વૉર પ્લાન તૈયાર કરી લીધો છે, શું ઈઝરાયલ ગાઝા પર સંપૂર્ણ કબજો કરી લેશે, આખરે ટ્રમ્પ અને ઈઝરાયલ ગાઝામાં શું કરવા ઈચ્છે છે... આ તમામ મુદ્દાઓ પર વાતચીત કરવા માટે બંને નેતાઓ ફ્લોરિડામાં ૭ એપ્રિલે મુલાકાત કરશે. ટ્રમ્પ અને નેતન્યાહૂ વચ્ચે વ્હાઈટ હાઉસમાં બેઠક યોજાશે. આ દરમિયાન તેઓ ગાઝા સહિતના મુદ્દાઓ પર વાતચીત કરશે.

વ્હાઈટ હાઉસના એક અધિકારી અને નેતન્યાહૂના કાર્યાલયે બંને નેતાઓની મુલાકાત અંગે પુષ્ટી કરી છે. બંને તરફથી કહેવાયું છે કે, ટ્રમ્પ અને નેતન્યાહૂ વચ્ચે ૭મી એપ્રિલે વ્હાઈટ હાઉસમાં બેઠક યોજાશે. ઈઝરાયલ હમાસના બળવાખોરો પર દબાણ વધારવા માટે ગાઝા પટ્ટીમાં સેનાઓ તહેનાત કરી રહી છે, ત્યારે બંને નેતાઓ વચ્ચેની આ મુલાકાત ખૂબ જ મહત્ત્વની છે.

ઈઝરાયલના સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, 'ઈઝરાયલ ગાઝાના એક મોટા વિસ્તાર પર કબજો કરી લેશે અને તે વિસ્તારને પોતાનામાં સામેલ કરી લેશે. ઈઝરાયલે ગયા મહિને સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કર્યું હતું અને અચાનક ગાઝા પર બોંબમારો કરી દીધો હતો, જેનું વ્હાઈટ હાઉસે સમર્થન કર્યું હતું.

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સંકલ્પ લીધો છે કે, હમાસે ૭ ઓક્ટોબર-૨૦૨૩ના રોજ હુમલો કર્યો હતો, તેણે અમારા લોકોને બંધક બનાવ્યા છે. જ્યાં સુધી હમાસ બંધકોને છોડશે નહીં, હથિયારો હેઠા નહીં મુકે અને ગાઝા ક્ષેત્રમાંથી બહાર નહીં નીકળે, ત્યાં સુધી યુદ્ધ ચાલુ રહેશે. નેતન્યાહૂના કાર્યાલયે સોશિયલ મીડિયા પર કહ્યું છે કે, 'બંને નેતાઓ વચ્ચે ફ્લોરિડામાં યોજાનાર બેઠકમાં ટેરિફ મુદ્દે, ઈઝરાયલના બંધકોને પાછા લાવવાના પ્રયાસ, ઈઝરાયલ-તુર્કેઈ સંબંધો, ઈરાનથી ખતરો જેવા મુદ્દાઓ પર ચર્ચા કરશે. બીજીતરફ ઈઝરાયલ અને હમાસ વચ્ચે હજુ પણ હુમલા ચાલુ છે. ઈઝરાયલી સેના ગાઝા પર કબજો કરવાના ઈરાદે ત્યાં ઘૂસી ગઈ છે.

## મણિપુરમાં કૂકી અને મૈતેઈ વચ્ચે શાંતિ માટે બેઠક યોજાઈ

### મૈતેઈની બે મોટી સંસ્થાઓ સહિત છ જ્યારે કૂકી સંગઠનોના નવ પ્રતિનિધિ મળ્યા : અનેક મુદ્દે ચર્ચા થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મણિપુર, તા.૬, મણિપુરમાં હિંસા ફાટી નીકળી તે બાદ પ્રથમ વખત મૈતેઇ અને કૂકી સમાજના લોકોના પ્રતિનિધિઓ વચ્ચે બેઠક મળી હતી. આ બન્ને સમાજના લોકો વચ્ચે જ હિંસા ફાટી નીકળી હતી હવે જ્યારે શાંતિ માટેના પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે સમાજના પ્રતિનિધિઓ દ્વારા બેઠક યોજીને વાટાઘાટો કરાઇ હતી.

મે ૨૦૨૩થી મણિપુરમાં હિંસા ફાટી નીકળી હતી જેમાં ૨૫૦થી વધુ લોકો માર્યા ગયા છે અને હજારો લોકો વિસ્થાપિત થઈને રાહત કેમ્પોમાં રહેવા માટે મજબુર છે. હિંસાની આ સ્થિતિ વચ્ચે પ્રથમ વખત મૈતેઇ અને કૂકી સમાજના આગેવાનો શાંતિ સ્થાપવા આગળ આવ્યા છે. દિલ્હીમાં ગૃહ મંત્રાલયની છત્રછાયા હેઠળ આ બેઠક યોજાઇ હતી જે આશરે પાંચ કલાક સુધી ચાલી હતી.

સુત્રોએ જણાવ્યું હતું કે શાંતિ સ્થાપિત કરવાના કેન્દ્ર સરકારના પ્રયાસોના ભાગરૂપે આ બેઠક યોજાઇ હતી, જેમાં મૈતેઇ અને કૂકી સમાજના લોકોએ મળીને મણિપુરમાં શાંતિ સ્થાપિત કરવા માટેના રોડ મેપ પર ચર્ચા કરી હતી. આ ઉપરાંત રાજ્યમાં કાયદો વ્યવસ્થા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં મૈતેઇના છ સભ્યોના ડેલિગેશનમાં ઓલ મણિપુર યુનાઈટેડ ક્લબ્સ ઓર્ગેનાઈઝેશન અને ફેડરલ ઓફ સિવિલ સોસાયટી ઓર્ગેનાઈઝેશન પણ જોડાયું હતું. જ્યારે કૂકી ઝો કાઉન્સિલ (કૂકી સંગઠનોનું એક સમૂહ)ના ડેલિગેશનમાં નવ સભ્યો સામેલ થયા હતા. હિંસા ફાટી નીકળી તે પછી આવી કોઇ જ બેઠક યોજાઇ નહોતી. આ પહેલા કેન્દ્ર સરકાર દ્વારા તમામ સમાજના ધારાસભ્યોની બેઠકનો પ્રયાસ કર્યો હતો જોકે તેમાં કોઇ નિરાકરણ નહોતુ આવ્યું.

## હવામાન વિભાગે કેટલાક વિસ્તારોમાં પાંચ દિવસ ગરમીનું એલર્ટ આપ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૬, ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. હવામાન વિભાગે કેટલાક વિસ્તારોમાં પાંચ દિવસ ગરમીનું એલર્ટ આપવામાં આવ્યું છે. આ પાંચ દિવસ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

હવામાન વિભાગ પાસેથી મળતી માહિતી પ્રમાણે, આજના દિવસ માટે રાજકોટમાં હીટવેવનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે, જ્યારે સૌરાષ્ટ્રના મોરબી અને રાજકોટમાં હીટવેવનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે અને પોરબંદર તથા જૂનાગઢમાં યલો એલર્ટ અપાયું છે. આજના દિવસ માટે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને ગાંધીનગર માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

સોમવારે એટલે કે, સાતમી એપ્રિલ માટે જે આગાહી કરવામાં આવી છે, તેમાં સૌરાષ્ટ્ર-કચ્છ તથા ઉત્તર ગુજરાતમાં આકરી ગરમીના એંધાણ છે. કચ્છમાં રેડ એલર્ટ જ્યારે મોરબી, રાજકોટ અને પોરબંદરમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

# અન્ય સમાચારો

(પાના નં.૮નું ચાલુ..)
**વાપી મનપાના............**

કલેકશન માટે આવતા વાહનોમાં જ પોતાના ઘરનો કચરો આપવા અપીલ કરી શહેરને સ્વચ્છ બનાવવા માટે જરુરી સહકાર આપવા જણાવ્યુ હતુ અને ઈસ્ટ ઝોનના સમાવિસ્ટ તમામ વિસ્તારના નાગરિકોને સરકારની જન ભાગીદારી યોજના અંગેની સમજ આપી સદર યોજનાનો મહત્મ લાભ લેવા અપીલ કરી હતી. સદર મીટીંગમાં મનપાના ઈજનેરો રેગન પટેલ, રામચંદ્ર દેસાઇ,સંજયઝા તથા ચેતનશિહ પરમાર વિગેરે પણ હાજર રહેલ.જે મીટીંગમાં વાપી તાલુકા ભાજપ પ્રમુખ સમય પટેલ, નોટી ફાઈડ બોર્ડના માજી ચેરમેન હેમંતભાઈ પટેલ,ઈસ્ટઝોનમાં સમાવિસ્ટ ગામોના માજી સરપંચો તથા ગામના આગેવાનો તથા મોટી સંખ્યામા નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.

(પાના નં.૮નું ચાલુ..)
**વલસાડમાં પ્રથમવાર.......**

જેમની મલ્ટિવેસલ CABG (Multivessel Coronary Artery Bypass Graft) સર્જરી ૧ એપ્રિલ ૨૦૨૫ ના રોજ સફળતાપૂર્વક કરવામાં આવી હતી.

બન્ને દર્દીઓએ આયુષ્માન ભારત ભ્થ્ઝ્ઝ ૫ૠ યોજના હેઠળ સંપૂર્ણ મફત સારવાર મેળવી હતી અને તેઓ સફળતાપૂર્વક ડિસ્ચાર્જ પણ થયા છે.

હૃદય સંબંધિત તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં સ્થાયી સ્પેશિયાલિસ્ટ ટીમ સતત ઉપલબ્ધ છે. કાર્ડિયોલોજીસ્ટ ડો. વિરલ ટંડેલ , કાર્ડિયાક સર્જનેં ડો. કપિલ પટેલ, કાર્ડિયાક એનેસ્થેસિયોલોજીસ્ટ ડો. પથિક નાયક, ઈન્ટેન્સિવ કેર ડો. કેતુલ રાવલ દ્વારા કસ્તુરબા હોસ્પિટલ આયુષ્માન ભારત યોજનાના તેમજ અગ્રગણ્ય ઈન્શ્યોરન્સ કંપનીઓ સાથે એમ્પેનલ છે, જેથી દર્દીઓને કેશલેસ અને સુલભ સારવારની સુવિધા ઉપલબ્ધ થાય છે.

કસ્તુરબા ટ્રસ્ટી મેનેજમેન્ટ દ્વારા સમગ્ર ક્લિનિકલ, પેરામેડિકલ અને સપોર્ટ સ્ટાફના નિષ્ઠાપૂર્વકના પ્રયાસો માટે અભિનંદન પાઠવવામાં આવ્યા છે. સાથે જ આદરણીય દાતાશ્રીઓનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો છે, જેમના વિશ્વાસ અને સતત સહયોગથી કસ્તુરબા હોસ્પિટલ સમુદાયને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ આપી રહી છે.

(પાના નં.૧નું ચાલુ...)
**સાંસદ ધવલભાઈ..........**

લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ અને સંધ્યા રાય દેશનું પ્રતિનિધિત્વ કરશે. દેશના મહામહિમ રાષ્ટ્રપતિજીના પોર્ટુગલ અને સ્લોવાકિયા ખાતેના પ્રવાસ દરમ્યાન બંને દેશો સાથે ભારત દેશના રાજકીય સંબંધો તેમજ વ્યાપારિક વાટાઘાટો થનાર છે તેમજ આ બંને દેશો સાથે ભારત દેશના પારસ્પરિક વ્યાપારિક સંબંધો વિકસાવવા બાબતે પણ ચર્ચા વિચારણા કરવામાં આવશે સાથે આદરણીય રાષ્ટ્રપતિજી અને પ્રતિનિધિ મંડળને રાષ્ટ્રીય સન્માન પણ આપવામાં આવશે.

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકારમાં યુવા અને શિક્ષિત સાંસદોને ખુબ જ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે જેના ભાગરૂપે વિદેશની ધરતી પર જનારા ભારત દેશના પ્રતિનિધિ મંડળમાં વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે વલસાડ, ડાંગ અને નવસારી જિલ્લા માટે ગૌરવાન્વિત ક્ષણો લેખાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ અગાઉ જ સાંસદ ધવલભાઈ પટેલે દેશના યશસ્વી વડાપ્રધાન સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી અને સાંસદ તરીકે એમના એક વર્ષના સમયગાળાની કામગીરીનો રિપોર્ટ કાર્ડ રજૂ કર્યો હતો, જેનાથી સંતુષ્ટ થઈ એમને પ્રોત્સાહિત કરવા આ વિશેષ જવાબદારી આદરણીય વડાપ્રધાન દ્વારા સોંપવામાં આવી છે.

## કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,

રજી. ૨૯૧/૨૦૨૪

અરજદાર :- માંગેલા સુભાષભાઈ રામુભાઈ
રહે. ઉમરગામ માંગેલવાડ તા.પારડી

**વિરૂધ્ધ**

સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી ઉમરગામ દેસાઈવાડ
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **માંગેલા સુભાષભાઈ રામુભાઈ**, રહે. ઉમરસાડી માંગેલવાડ તા.પારડી જી.વલસાડનાએ તેઓના ભાણેજ **દક્ષાબેન દિનકરભાઈ દવને**નો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૧ ના રોજ મોજે- ઉમરસાડી દેસાઈવાડ તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઇને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૨૯૧-૨૦૨૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહી/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
પારડી







## ચીખલીના મલિયાધરાથી બાઈક ચોરાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૬ :** ચીખલી તાલુકાના મલિયાધરા ગામેથી એક ટુ-વ્હીલર બાઈકની ચોરી થઈ હોવાની ફરિયાદ ચીખલી પોલીસ મથકે નોંધાવા પામી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના મલિયાધરા ગામના કુવા ફળીયા ખાતે દિનેશભાઈ છગનભાઈ પટેલ રહે. તલાવચોરા વચલા ફળીયા જેની હીરો હોન્ડા કંપનીની ગ્લેમર મોટરસાયકલ ગાડી નંબર જીજે ૨૧ ક્યુ ૭૬૨૫ કિંમત રૂપિયા ૫૨.૫૦૦ જે તારીખ ૨૭. ૩. ૨૫ ના રોજ ૧૦ઁ૦૦ વાગે થી તા. ૧. ૪. ૨૫ ના ૧૨ વાગ્યા સુધીમાં કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ હોવાનું દિનેશભાઈ પટેલે ચીખલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઈ એસ જે કડીવાલા કરી રહ્યા છે.

(પાના નં.૧નું ચાલુ...)
**ધરમપુરના ૨૫૦વર્ષ.......**

આયોજનની સફળતા માટે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના કાર્યકર્તાઓ તથા નગરજનોનો સહયોગ ભક્તિ અને ઉત્સાહના ઉમંગથી ધરમપુર નગર ભીંજાઈ ઊઠ્યું હતું.અને રામમય બન્યું હતું સમગ્ર કાર્યક્રમ દરમિયાન પી આઈ નિખિલ ભાઈ ભોયા તેમજ પી એસ આઈ આર કે પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

(પાના નં.૧નું ચાલુ...)
**વાપીના કરવડમાં ફરી.......**

અને વારંવાર આગની ઘટનાને લઈ અગાઉ વાપી મહાનગરપાલિકા , સ્થાનિક ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ની કચેરી તેમજ વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેરનામું બહાર પાડી ભંગારના ગોડાઓનો સામે કાર્યવાહી કરવાની ચીમકી આપી હતી પરંતુ ભંગારીયાઓ સુધારવાનું નામ લેતા નથી અને છેલ્લા દોઢ મહિનામાં ૫૦થી વધુ ભંગારના ગોડાઉનમાં આગ લાગવાની ઘટના બની છે તેમ છતાં અહીં વહીવટી તંત્ર દ્વારા ભંગારના ગોડાઉન ધરાવતા ભંગારિયા ઉપર કાર્યવાહી નહીં કરાતા બેફામ બન્યા છે. તેમની સામે કાર્યવાહી કરવી જરૂરી છે.

## :: જાહેર નોટીસ વિરઘ્ધ વાંધો આપવા બાબત ::

જત હું નીચે સહી કરનાર શ્રી નિતેશકુમાર માધવજીભાઈ સલીયા, સરનામું : ૮૦૧, વાસ્તુદીપ -૧, ચંદાવરકર લેન, રવિશંકર સ્કૂલની નજીક, જયરાજ નગર અને અશોક નગરના કોર્નર પાસે, બોરીવલી (વે), મુંબઈ - ૪૦૦૦૯૧, આથી સર્વે લાગતા વળગતાઓને જાણ માટે આ નોટીસથી જાહેર કરુ છુ કે, મોજે - સોલસુંબા, તા. ઉમરગામ, જી. વલસાડ ખાતે મારી સ્વતંત્ર માલીકીની ખાતા નં. ૭૬૩થી ચાલતી નીચે જણાવેલ જુની શરતની ખેતીની જમીન આવેલી છે.

| ગામ | મૂળ રે. સર્વે નં. | નવો સર્વે નં. | પ્રમોલગેશન બાદનું ક્ષેત્રફળ |
|---|---|---|---|
| સોલસુંબા | ૧૩૯/૪/ પૈકી ૧ | ૦૧-૦૧-૭૩ | ૧-૩૩-૬૩ |

આ જમીન મારી પોતાની સ્વતંત્ર માલકી અને કબજા ભોગવટાની છે. જેને અમોએ તા.૨૧/૦૮/૨૦૦૯નાં રોજ કાયદેસરનાં દસ્તાવેજ નં. ૬૧૦૧ / ૨૦૦૯ થી ખરીદેલી છે. અને સરકારી દફતરે મારા સ્વતંત્ર નામે ચાલે છે. આ જમીનને અમોએ કોઈને પણ વેચાણ કરેલ નથી, કે કોઈની સાથે વેચાણનો સોદો કરેલ નથી, કે આ જમીનના વેચાણ બાબતે કોઈ પણ ઈસમ સાથે કોઈ વેચાણ કરાર કે એમ.ઓ.યુ. રજીસ્ટર્ડ કરાવેલ નથી. તેમજ આ જમીનને વેચવા માટે કોઈ વકીલ કે વ્યક્તિને લેખિત સુચના કે સંમતિ આપેલી નથી. તેમ છતાં ગત તા.૩૧/૦૩/૨૦૨૫નાં રોજ ''દમણગંગા ટાઈમ્સ'' નામનાં ગુજરાતી દૈનિક સમાચાર પત્રમાં એડવોકેટ શ્રી મિલન આર. પટેલ, રહે : ઉમરગામ દ્વારા મારી લેખિત સંમતિ કે પરવાનગી વગર આ જમીનનાં વેચાણ અંગેની એક જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવવામાં આવેલ છે. જે જાહેર નોટીસ તદ્દન ગેરકાયદેસર રીતે આપવામાં આવેલ હોવાથી તે નોટીસનો હુ સ્વીકાર કરતો નથી. તેમજ તે નોટીસમાં જણાવેલ કોઈપણ વિગત મને બંધનકર્તા નથી. તે હકીકત આ જાહેર નોટીસથી સર્વેને જણાવું છું.

**મારી મારફતે**
**સહી/-**
**ઉલ્હાસ આઈ. ટંડેલ, એડવોકેટ**
**સરનામું : આદિત્ય દર્શન બિલ્ડીંગ, પહેલા માળે,**
**દુકાન નંબર :૪, બેંક ઓફ બરોડાની ઉપર,**
**મુ. પો. ઉમરગામ ટાઉન, જી.વલસાડ**
**મોબાઈલ નં. ૯૮૨૫૧૫૫૧૧૭**

**સહી/-**
**શ્રી નિતેશકુમાર માધવજીભાઈ સલીયા**

## જાહેર નોટીસનો જાહેર જવાબ

આથી જાહેર જનતાને જાણ કરવાની કે, હમો નીચે સહી કરનાર શ્રી ગિરિરાજસિંહ હિંમતસિંહ જાડેજા, મુ. ૧૦૨, શાંતિ કોમ્પ્લેક્સ, ને.હા.નં.૮, વાપી, જી.વલસાડ નાઓ જાહેર જનતાને તારીખ ૨૬/૦૩/૨૦૨૫ના રોજ દમણગંગા ટાઈમ્સ ન્યુઝ પેપરના પેજ નં.૭ ઉપર શ્રીમતી ભારતીબેન ડી. ચૌહાણ મારફતે કોઈ ખરીદનાર વ્યક્તિ તરફે નીચે જણાવેલ મિલકતનું વર્ણનવાળી સલવાવ ગામની આવેલ મિલકતના વેચાણ અંગેની જાહેર નોટીસ આપેલ છે. અને તે નોટીસ રૂએ ૧૫ દિવસમાં વાંધો આપવા જણાવેલ છે જે નોટીસના અનુસંધાનમાં હમો નીચે સહી કરનાર શ્રી ગિરિરાજસિંહ હિંમતસિંહ જાડેજા જણાવીએ છીએ કે નિચે જણાવેલ મિલકત હમો નીચે સહી કરનાર શ્રી ગિરિરાજસિંહ હિંમતસિંહ જાડેજા નાઓએ રીતેશભાઈ ભગવાનજી માહ્યાવંશી તથા રાધાબેન ભગવાનજી માહ્યાવંશી પાસેથી વણવહેચાયેલ હિસ્સો દસ્તાવેજની રૂએ ખરીદ કરેલ છે જે અંગેની અવેજની રકમ પણ રીતેશભાઈ ભગવાનજી માહ્યાવંશી તથા રાધાબેન ભગવાનજી માહ્યાવંશી નાઓને ચુકવી આપેલ છે. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન વાપીના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નં.૫૦૭૦ / ૨૦૨૧ થી તારીખ ૨૨/૦૪/૨૦૨૧ ના રોજ નોંધાયેલ છે. જેથી સદર મિલકતમાં રીતેશભાઈ ભગવાનજી માહ્યાવંશી તથા રાધાબેન ભગવાનજી માહ્યાવંશીના ભાગની જમીનનો વણવહેચાયેલ હિસ્સા ઉપર હમો નીચે સહી કરનાર શ્રી ગિરિરાજસિંહ હિંમતસિંહ જાડેજાનો કાયદેસર રીતે હક્ક લાગે છે. જેથી સદર મિલકતમાં હમો નીચે સહી કરનાર શ્રી ગિરિરાજસિંહ હિંમતસિંહ જાડેજાની પરવાનગી સિવાય રીતેશભાઈ ભગવાનજી માહ્યાવંશી તથા રાધાબેન ભગવાનજી માહ્યાવંશીના વણવહેચાયેલ હિસ્સાનો દસ્તાવેજ કરી શકાય નહીં અગર હમો નીચે સહી કરનાર શ્રી ગિરિરાજસિંહ હિંમતસિંહ જાડેજાની પરવાનગી વગર દસ્તાવેજ કરવામાં આવે તો સદર દસ્તાવેજ કાયદેસર ગણાય નહીં તે દસ્તાવેજ રદ થવાને પાત્ર ઠરે છે. અને તે અંગેની કાનુની કાર્યવાહી કરવામાં આવશે અને સદરહુ મિલકતનું ટાઈટલ પણ ક્લિયર મળશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**મિલકતનું વર્ણન**

| જુનો સર્વે નં. | નવો સર્વે નં. | હે.આરે.ચો.મી. | આકાર |
|---|---|---|---|
| ૪૨૭/ પૈકી ૧ | ૧૫૨૧ | ૦-૩૬-૩૭ | ૦.૫૫ |
| ૪૨૭/ પૈકી ૧ | ૧૫૨૬ | ૧-૪૩-૨૫ | ૨.૧૨ |
| ૪૨૮ | ૧૫૨૭ | ૦-૩૩-૫૨ | ૫.૦૦ |
| ૪૨૫ | ૧૫૩૦ | ૦-૫૨-૬૬ | ૦.૫૦ |
| ૪૨૩ | ૧૫૩૨ | ૦-૬૭-૩૯ | ૦.૭૫ |
| | કુલ્લે | ૩-૩૩-૧૯ | |

**સ્થળ : વાપી**
**તારીખ : ૦૫/૦૪/૨૦૨૫**
મારફત
કેતુલ બી. ઉપાધ્યાય એડવોકેટ
ઓફિસ નં. ૧૦૭, ભવ્ય આર્કેડ,
આયુષ હોસ્પિટલની બાજુમાં, વાપી, જી.વલસાડ
મો. ૮૭૫૮૫૭૮૯૨૩

**લી.**
**સહી/-**
**શ્રી ગિરિરાજસિંહ હિંમતસિંહ જાડેજા**




## છરવાડાથી ૧૯ વર્ષીય યુવક ગુમ

**વલસાડ તા. ૦૫ :** વલસાડ જિલ્લાના વાપી તાલુકાના છરવાડા, હિરાનગર, ગીરીભાઈની ચાલ ખાતે રહેતા (મૂળ રહે.-તનેજવા, થાના-નવગઢ, તા-નવગઢ, જિ-સિદ્ધાર્થનગર, ઉત્તર-દેશ) ૧૯ વર્ષીય આરકેશ મહાદેવ-સાદ સહાની તા.૧૦/૦૩/૨૦૨૫ના રોજ બપોરે ૨-૩૦ થી ૪-૦૦ વાગ્યા દરમિયાન પોતાના ઘરેથી પોતાના વતન જાઉં ચૂં એમ કહી કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા અને આજદિન સુધી પરત ફર્યા નથી. તેઓ પાતળો બાંધો, ઘઉંવર્ણ અને ૫ ફૂટ ૪ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે બ્લ્યુ કલરનું અડધી બાંયનું ટી-શર્ટ અને કાળા કલરનું જીન્સનું પેન્ટ પહેરેલું હતું.

# વાપીમાં રામ નવમીએ ભવ્ય શોભાયાત્રા નિકળી

**ડુંગરા અને છીરીમાં કનુભાઈ દેસાઈના હસ્તે શોભાયાત્રાની શરૂઆત : શ્રીજી પેટ્રોલિયમ ખાતે યાત્રાનું ભવ્ય સ્વાગત અને ફુલવર્ષા કરાઈ**



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી,તા.૦૬ :** વાપી પંથકમાં આજે ભગવાન શ્રીરામના જન્મદિવસની ઠેર ઠેર મંદિરોમાં પૂજા આરતી રક્તદાન કેમ મહાપ્રસાદ તથા શોભા યાત્રા સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ડુંગરા તેમજ છીરી થી નીકળેલ શોભા યાત્રાનો પરમ રાજયના નાણાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી તથા સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈના હસ્તે ભગવાન શ્રીરામ ને ફૂલહાર પહેરાવી શરૂઆત કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતાં.

આજે ભગવાન પુરુષોત્તમ શ્રીરામ ની જન્મ જયંતી હોય સમગ્ર દેશમાં અને ગુજરાત રાજ્યમાં રામનવમીના તહેવાર ખૂબ જ ઉત્સાહ અને ભક્તિ સાથે ઉજવવે છે ત્યારે વાપી માં અનેક સ્થળે ભગવાન શ્રીરામના ટેબલો સાથે શોભા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વાપીના ડુંગરા તેમજ છીરી ખાતેથી નીકળેલી શોભા યાત્રાનું રાજ્યના નાણા ઉર્જાને પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે શરૂઆત કરવામાં આવી હતી આ શોભાયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરાયું હતું જેમાં છીરીથી નીકળેલ શોભા યાત્રાનું શ્રીજી પેટ્રોલિયમ ખાતે સમીરભાઈ પટેલ અને તેમના પરિવાર દ્વારા ભગવાન શ્રીરામની પ્રતિમાને ફુલહાર કરી સ્પેશિયલ નાસિક ઢોલ તેમજ ટોપથી ફૂલો વરસાવી શોભા યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું આ શોભાયાત્રા છીરીથી નીકળી વાપીના જીઆઈડીસી ગુંજન હાઉસિંગ તથા અંબા માતા મંદિર સુધી પહોંચી હતી. તો ડુંગરા ઔદ્યોગિક વસાહત ખાતેથી નીકળેલ ભગવાન શ્રીરામની શોભા યાત્રા સેલવાસ રોડથી ચણોદ વાપી જીઆઈડીસી વાપી ટાઉનના ઈમરાન નગર ગાંધી સર્કલ થઈ પરત મોડી રાત્રે છીરી પહોંચી હતી. આ કાર્યક્રમને લઈ વાપી પંથકમાં જિલ્લા પોલીસવાળા તથા ડીવાયએસપી અને એસઓજી એલસીબી તેમજ અન્ય પોલીસ એજન્સી દ્વારા ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો જેને લઈ શાંતિપૂર્ણ મહોલમાં વાપીમાં શોભા યાત્રા સંપન્ન થઈ હતી.

## જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, વાપી (ગ્રામ્ય)ની કોર્ટમાં, મુ. બલીઠા**

**જન્મ-મરણ કેસ નં.૨૬/૨૦૨૫**

**અરજદાર : સતીશભાઈ ગજુભાઈ પટેલ**
**રહે.** કચીગામ રોડ, મચ્છીમાર્કેટ, વાપી, તા.વાપી, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : સબ રજીસ્ટ્રાર, નામધા**
**મહાનગરપાલિકા, વાપી, તા.વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ભીખુભાઈ નરસંઈભાઈ પટેલ**નું મરણ તા.૨૯/૦૫/૧૯૭૦ના રોજ મોજે નામધા, તા.વાપી, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત નામધાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામ પંચાયત નામધાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામ પંચાયત કચેરી નામધા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, વાપી (ગ્રામ્ય)**
**તા.વાપી, જી.વલસાડ**

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામ જાહેર જનતાને આ જાહેર નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી એ.ડી.છીપા એન્ડ સન્સ પાર્ટનર, શ્રી મહમદ આરીફ આઝીઝભાઈ છીપા, મદીના ચાલ, મસ્જીદ પાસે રેલવે સ્ટેશનની સામે, તા.જિ.વલસાડએ મોજેઃપાથરી, તા.જિ.વલસાડના બ્લોક નં.66 અને નવા સ.નં.492 વાળી જમીનમાં એક્ષપ્લોઝીવ રૂલ્સ-2008ના નિયમ-102, 103 હેઠળ એક્ષપ્લોઝીવ પદાર્થોના સંગ્રહ તથા વેચાણ કરવા માટે એક્ષપ્લોઝીવ વિભાગમાંથી મેળવેલ LE-3 લાયસન્સ નં.E/HQ/GJ/22/230(E79811), Dt.20/02/2014માં એક્ષપ્લોઝીવ પદાર્થોના સંગ્રહ તથા વેચાણનો જથ્થો વધારવા માટે એક્ષપ્લોઝીવ વિભાગમાંથી લાયસન્સ મેળવવા માટે આ કચેરીનું 'ના વાંધા પ્રમાણપત્ર' મળવા અત્રેની કચેરીએ તા.29/11/2024 ના રોજ અરજી કરેલ છે. જે અંગે 'ના વાંધા પ્રમાણપત્ર' આપવાનું હોવાથી એક્ષપ્લોઝીવ રૂલ્સ-2008 ના નિયમ- 103(3) મુજબ વાંધા માંગવામાં આવે છે. આ સબંધમાં જે કોઈને વાંધો હોય તેમણે તેમની વાંધા અરજી લેખિતમાં આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાના તારીખથી તા-28/04/2025 સુધીમાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વલસાડ જિલ્લા સેવા સદન, પ્રથમ માળ, તિથલ રોડ, વલસાડને કચેરી સમય દરમ્યાન રજુ કરવાની રહેશે. તે પછી મળેલી વાંધા અરજીઓ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિં તેમજ સદરહું આવેલ વાંધા અરજીની સુનાવણી તા.08/05/2025 ના રોજ સવારે 12/00 કલાકે ઉપરોક્ત સરનામે રાખવામાં આવેલ છે. તો વાંધા રજુ કરનાર ઈસમોને વાંધા અરજીના જરૂરી આધાર-પુરાવા સાથે અત્રે ઉપસ્થિત રહેવા આથી જણાવવામાં આવે છે. તેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

**પરિશિષ્ટ**

વલસાડ જિલ્લાના મોજેઃપાથરીના બ્લોક નં.66 અને નવા સ.નં.492 વાળી જમીન

નં.ડીસીબી/એમએજી-2/એક્ષ./રજી.9/
વશી.1013 થી 1018/2025
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
(એ.આર.જહા)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
વલસાડ

## જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, વાપી (ગ્રામ્ય)ની કોર્ટમાં, મુ. બલીઠા**

**જન્મ-મરણ કેસ નં.૨૫/૨૦૨૫**

**અરજદાર : સતીશભાઈ ગજુભાઈ પટેલ**
**રહે.** કચીગામ રોડ, મચ્છીમાર્કેટ, વાપી, તા.વાપી, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : સબ રજીસ્ટ્રાર, નામધા**
**મહાનગરપાલિકા, વાપી, તા.વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **કાશીબેન ભીખુભાઈ પટેલ**નું મરણ તા.૧૦/૦૭/૧૯૮૯ના રોજ મોજે નામધા, તા.વાપી, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત નામધાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામ પંચાયત નામધાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામ પંચાયત કચેરી નામધા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, વાપી (ગ્રામ્ય)**
**તા.વાપી, જી.વલસાડ**

## મિલ્કતના ટાઈટલ અંગેની જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે - મોજે ડુંગરી, તાલુકા-પારડી, જિલ્લા-વલસાડ ખાતે આવેલ ખેડખાતા નંબર - ૯૧૨ જેના સર્વે નંબરની વિગત નીચે મુજબ છે.

| અનુ.નં. | જુનો સર્વે નં. | નવો સર્વે નં. | જુનું ક્ષેત્રફળ (હે-આરે-પ્રતિ) | નવું ક્ષેત્રફળ (હે-આરે-પ્રતિ) | આકાર (રૂા. પૈ.) |
|---|---|---|---|---|---|
| ૧ | ૭૫૨/૧/૨ | ૧૫૫૧ | ૦૦-૯૬-૧૧ | ૦૧-૦૧-૭૩ | ૧.૫૦ |

વાળી જમીન પરેશભાઈ બાબુભાઈ પટેલ રહેવાસી - ડુંગરી, બેરવાડ ફળીયું, તા.પારડી, જી - વલસાડની માલીકી અને કબજા ભોગવટાની ખેતીની મિલ્કત છે. હમારા અસીલ પરેશભાઈ બાબુભાઈ પટેલનાએ સદર જમીનનું ટાઈટલ માટે આજરોજ ટાઈટલ અંગેની જાહેર નોટીસ સદર પેપરમાં આપેલ છે. સદર નોટિસ બાબતે જો કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો તેવા વાંધો કે તકરાર દિન-૭માં હમારી નોટિસમાં જણાવેલ સરનામે લેખીત પુરાવા સાથે વાંધાઓ રજુ કરવા, જો તેવા કોઈ વાંધા નિયત સમયમર્યાદા દરમ્યાન હમો નોટિસ આપનારના નોટિસમાં જણાવેલ સરનામે આપવામાં નહીં આવે તો ઉપર જણાવેલ મિલ્કતમાં કોઈપણ ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક દાવો કે વાંધો નથી અને જો હોય તો તેમણે તે જતા કરેલા યાને વેવ કરેલા છે તેવું સમજી હમારા અસીલની સદરહુ મિલ્કતનું ટાઈટલ ચોખ્ખું અને માર્કેટેબલ છે એમ સમજવામાં આવશે, ત્યારબાદ કોઈપણ ઈસમ કે સંસ્થાની કોઈપણ જાતની તકરાર કે વાંધો, વિરોધ ચાલશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

**હમારી સુચનાથી :-**
**સહી/-**

**લી.**
**શ્રેયશ દેવેશભાઈ પંડ્યા (એડવોકેટ)**
**ઓફિસ : પંડ્યા મેન્શન, બંગલા નં.૧, કોથડવાડી,**
**લેક સીટીની સામે, નાની મસાણી, કિલ્લા-પારડી,**
**તાલુકા-પારડી, જિલ્લા - વલસાડ**



Monday 07, April 2025

# દમણગંગા ટાઇમ્સ




## સેલવાસ ઝંડા ચોકમાં ફરી પાણીની લાઈનમાં ભંગાણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૦૬ :** સેલવાસા ઝાંડા ચોક વિસ્તારમાં ફરી પાણીની પાઈપલાઈન ફાટી, પાણી બગાડતું રહ્યું, લોકોને પીવાના પાણીની તંગીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગટર લાઈનના કામને કારણે પાઈપલાઈન વારંવાર તૂટે છે, ખુલ્લા ઈલેક્ટ્રિક વાયરને કારણે અકસ્માત થવાની સંભાવના છે.

દાદરા નગર હવેલીની રાજધાની સેલવાસાના ઝંડા ચોક વિસ્તારમાં પાણીની પાઈપલાઈનમાં તિરાડ દેખાતા ફરી એકવાર ગભરાટ ફેલાયો હતો. શનિવારે રાત્રે શાળા વિસ્તારની સામે ગટર લાઈનના કામ દરમિયાન પાઈપલાઈન તૂટી ગઈ હતી, જેના કારણે પાણી ફુવારાની જેમ ઊંચા દબાણથી બહાર નીકળવા લાગ્યું હતું અને રસ્તા પર નદી જેવું દ્રશ્ય સર્જાયું હતું.

સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે ગટર લાઈન નાખતી વખતે આડેધડ ખોદકામ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે ભૂગર્ભ પાણીની પાઈપલાઈન વારંવાર તૂટી રહી છે. આના કારણે, હજારો લિટર પીવાનું પાણી તો વેડફાય છે જ, પરંતુ આસપાસના વિસ્તારોમાં પીવાના પાણીની પણ ભારે અછત વર્તાઈ રહી છે.

ખોદકામ દરમિયાન, ભૂગર્ભ વીજળીના કેબલને પણ નુકસાન થયું હતું, જેના કારણે ખુલ્લા વાયર ખુલ્લા પડી ગયા હતા. આ વિસ્તારના રહીશોએ આશંકા વ્યક્ત કરી છે કે જો કોઈ આ વાયરોના સંપર્કમાં આવશે તો મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે.

સ્થાનિક નાગરિકોએ શહેર વહીવટીતંત્રને પ્રશ્ન કર્યો છે કે આ અવ્યવસ્થિત કાર્યની જવાબદારી કોણ લેશે? વારંવાર પાઈપલાઈન તૂટવા અને ખુલ્લા ઈલેક્ટ્રિક વાયરોને કારણે લોકોની સલામતી જોખમમાં મુકાઈ છે, પરંતુ જવાબદાર વિભાગ હજુ પણ મૌન છે.

હવે જનતાએ વહીવટીતંત્ર પાસે માંગ કરી છે કે પાણી અને વીજળી પુરવઠા વ્યવસ્થાની સલામતીને ધ્યાનમાં રાખીને શક્ય તેટલી વહેલી તકે કાયમી ઉકેલ શોધવો જોઈએ, જેથી સામાન્ય જનજીવન સામાન્ય થઈ શકે.

## વલસાડમાં પ્રથમવાર કસ્તુરબા હોસ્પિટલમાં સફળ કાર્ડિયાક બાયપાસ સર્જરી થઈ

**વલસાડ, તા.૬ :** વલસાડ શહેર અને કસ્તુરબા હોસ્પિટલ માટે આ એક ઐતિહાસિક ક્ષણ બની છે. વલસાડમાં પ્રથમવાર સફળતાપૂર્વક કાર્ડિયાક બાયપાસ સર્જરી (CABG) કરવામાં આવી છે, જે વલસાડના આરોગ્ય ક્ષેત્ર માટે એક મોટું સિદ્ધિચિહ્ન છે.

કસ્તુરબા હોસ્પિટલ, જે ૧૯૪૪માં માત્ર ૬ બેડની મેટરનિટી હોસ્પિટલ તરીકે શરૂ થઈ હતી, આજે એક સંપૂર્ણ તૃતીય કક્ષાની સુપર સ્પેશિયાલિટી



સારવાર આપતી ટ્રસ્ટ હોસ્પિટલ તરીકે ઉભરી આવી છે. અહીં તમામ મહત્વપૂર્ણ આરોગ્ય સેવાઓ એક જ છત હેઠળ ઉપલબ્ધ છે.

દર્દી મનોજભાઈ નાનુભાઈ પટેલ (ઉમર ૪૪ વર્ષ, રહેવાસી છરવાડા, વલસાડ) - જેમની કૉમ્પ્લેક્સ CABG (Complex Coronary Artery Bypass Graft) સર્જરી ૨૯ માર્ચ ૨૦૨૫ ના રોજ સફળતાપૂર્વક કરવામાં આવી હતી.]

રવિન્દ્ર કુબર યાદવ (રહેવાસી ઉમરગાંવ, વલસાડ) -

(અનુ. પેજ નં.૭ પર)

## વાપી મનપાના પૂર્વ ઝોનમાં નાગરિક સુવિધા માટે બેઠક યોજાઈ

### વાપીને સ્વચ્છ બનાવવા માટે જરુરી સહકાર આપવા સાથે વિકાસના કામો અંગેની રૂપરેખા રજુ કરવામાં આવી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૬ :** વાપી મહાનગરપાલિકા પોતાના નાગરીકોને ઉત્તમ સેવા પુરી પાડવા કટિબદ્ધ છે. તેના ભાગરૂપે વાપી મ.ન.પાના ઈસ્ટ(પૂર્વ)ઝોનના નાગરીકોને સ્પર્શતા પ્રશ્નો અને આ ઝોનમાં હાથ ધરી શકાય તેવા વિકાસકામો અંગે વિચાર-વિમર્શ સૂચન માટે પ્રબદ્ધ આગેવાનો સાથે એક મીટીંગનું આયોજન ઈસ્ટઝોનની છીરી ખાતે કાર્યરત કચેરીના સભાખંડમાં નાયબ મ્યુનીસીપલ કમિ'ર અશ્વિન પાઠકની અધ્યક્ષતા હેઠળ રાખવામાં આવેલ. દિપ પ્રાગટ્ય કરી મીટીંગની શરુઆત કરવામાં આવી.


નાયબ કમિશ્નર અશ્વિન પાઠકે નવરચિત મનપામાં પોતાના ઝોનમાં સમાવિસ્ટ ગામોમાંથી ઉપસ્થિત તમામ માજી સરપંચો, સભ્યો તથા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તમામ નગરજનોને આવકારી સરકાર દ્વારા વાપી તથા આજુબાજુના કુલ ૧૧ ગામોને સમાવી બનાવવામાં આવેલ મહાનગરપાલિકા અંગે વિગતવાર માહિતી આપી મનપા બનવાથી થનાર લાભો બાબતે સમજ આપી વાપી મનપા દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસના કામો અંગેની માહિતી પુરી પાડી નગરજનોને ગેર સમજથી દુર રહેવા જણાવ્યુ વધુમાં તેઓએ મનપા દ્વારા હાલમાં ટેક્સમાં કોઈ પણ જાતનો વધારો કરવામાં આવનાર નથી અને હાલે જે ટેક્સ ચાલુ છે તે મુજબજ ટેક્સ લેવામાં આવનાર હોવાનુ ભાર પુર્વક જણાવ્યુ હતુ. તેઓએ સમગ્ર વિસ્તારમાં પુરતા પ્રમાણમાં પીવાના પાણીની સુવિધા મળી રહે તે મુજબનુ આયોજન હાથ ધરવામાં આવેલ હોવાનુ જણાવી તબબકાવાર તમામ વિસ્તારને આવરી લેવાનો સંકલ્પ વ્યકત કરેલ તથા સાફ સફાઈની કામગીરી પણ ડોર ટુ ડોર કલેકશન સાથે કરવામાં આવી રહેલ હોવાનુ જણાવી નગરજનોને પણ કચરો ગમે ત્યાં નહી નાંખતા ડોર ટુ ડોર

(અનુ. પેજ નં.૭ પર)










**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**